

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 305
Dt.: 10-09-2025,
Wednesday
Page:04
Rs.00.50 paisa



EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 • Email : navsarjansanskruti2016@gmail.com • Email : navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com


### સોશિયલ મીડિયા ફરી શરૂ થયા

# ૧૯ના મોત બાદ Gen-Zના વિરોધ સામે ઝૂકી નેપાળ સરકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડ, ભારતના પાડોશી દેશ નેપાળમાં સોશિયલ મીડિયા પર સરકારે લગાવેલા પ્રતિબંધના વિરોધમાં હિંસક પ્રદર્શનોને કારણે ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી.હજારોની સંખ્યામાં Gen-Z યુવાનો રાજધાની કાઠમંડુના માર્ગો પર ઉતરી આવ્યા હતા અને પ્રદર્શનકારીઓ છેક નેપાળના સંસદ ભવનના પરિસરમાં પહોંચી ગયા હતા અને ભીડને નિયંત્રણમાં લેવા માટે પોલીસે આંસુ ગેસના ગોળા ફેંક્યા હતા.વિરોધ પ્રદર્શનમાં લગભગ 19 યુવાનોના મોત બાદ હવે સરકાર ઝૂકી છે અને સોશિયલ મીડિયા પરના પ્રતિબંધો હટાવવાનો નિર્ણય પાછો લીધો છે.નેપાળ સરકાર દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લગાવવામાં આવેલા પ્રતિબંધના વિરોધમાં થયેલા આક્રમક વિરોધ પ્રદર્શનમાં લગભગ 19 યુવાનોના મોત થયા હોવાના અહેવાલ છે, જ્યારે ઘાયલની સંખ્યા 300 પાર હોવાનો દાવો મીડિયા અહેવાલોમાં કરવામાં આવી રહ્યો છે.

આક્રમક વિરોધ બાદ સરકાર દેશના યુવાનો સામે ઝૂકી છે અને સોશિયલ મીડિયા પરના પ્રતિબંધો પરત લેવાની જાહેરાત કરી હતી. નેપાળના સંચાર, સૂચના અને પ્રસારણ પ્રધાન પૃથ્વી સુબ્બા ગુરુંગે જાહેરાત કરી હતી કે સરકારની કેબિનેટ બેઠક બાદ સોશિયલ મીડિયા પર પ્રતિબંધનો નિર્ણય પાછો ખેંચ્યો છે.તેમણે આગળ જણાવ્યું હતું કે સૂચના મંત્રાલય સબંધિત એજન્સીને રાજધાની કાઠમંડુમાં સંસદની સામે મોટાપાયે વિરોધ પ્રદર્શન કરનારા Gen-z યુવાનોની માંગ અનુસાર સોશિયલ મીડિયા સાઈટોને પુનઃ શરૂ કરવાની પ્રક્રિયા શરૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે. ત્રણ દિવસ પહેલા નેપાળ સરકારે ફેસબૂક, એક્સ, વ્હોટ્સએપ સહિત 26 સોશિયલ મીડિયા સાઈટો પર પ્રતિબંધ લગાવવાનો આદેશ આપ્યો હતો.સોશિયલ મીડિયા પરના પ્રતિબંધ હટાવવાના આદેશ બાદ પ્રધાને વિરોધ પ્રદર્શન સમાપ્ત કરવાની પણ અપીલ કરી હતી.

સોમવારે રાતથી જ ફેસબૂક, વ્હોટ્સએપ સહિતની એપ શરૂ થઈ ગઈ હતી.સોમવારે હજારોની સંખ્યામાં Gen-Z યુવાનો રાજધાની કાઠમંડુના માર્ગો પર ઉતરી આવ્યા હતા અને પ્રદર્શનકારીઓ છેક નેપાળના સંસદ ભવનના પરિસરમાં પહોંચી ગયા હતા. આ ભીડને નિયંત્રણમાં લેવા માટે પોલીસે આંસુ ગેસના ગોળા ફેંક્યા હતા. હિંસક તોફાનોને અંકુશમાં લેવા માટે પ્રશાસને વધુ આક્રમક પગલાં ભર્યા હતા, જ્યારે આર્મીને પણ તહેનાત કરવામાં આવી હતી.

સમાચાર સંસ્થાના અહેવાલ અનુસાર, પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે થયેલા સંઘર્ષમાં 19 લોકોના મૃત્યુ થયા છે જ્યારે ઘાયલની સંખ્યા 300થી વધુ છે. નેપાળમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત-નેપાળ સરહદ પર સુરક્ષા વધારવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.સૂત્રોના જણાવ્યા અનુસાર, સશસ્ત્ર સીમા દળએ ભારત-નેપાળ સરહદ પર દેખરેખ વધારી દીધી હતી. SSB એ સુરક્ષા જવાનો અને સર્વેલન્સ વધારી દીધું હતું તેમજ નેપાળમાં થઈ રહેલા હિંસક પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને, SSBએ તેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) હેઠળ જવાનોને એલર્ટ રહેવા નિર્દેશ આપ્યો હતો.સરકારના કયા નિર્ણય સામે છે વિરોધ?આ વિરોધ પ્રદર્શન તાજેતરમાં જ સરકારે યુટ્યુબ, વોટ્સએપ સહીતના સોશિયલ મીડિયા પર પ્રતિબંધ લગાવ્યો હતો. સરકારનું કહેવું છે કે આ એપ્સ નેપાળમાં નોંધણી થયલી નથી અને આ માટે તેના પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.જો કે યુવાનો એટલે કે ખાસ કરીને Gen-Z પોતાને ડિજિટલ નાગરિક માની રહ્યા છે અને ઈન્ટરનેટ પરના પ્રતિબંધને પોતાની સ્વતંત્રતા પરની તરાપ માની રહ્યા છે.

### NDAના સાંસદો સાથેની બેઠકમાં 'સ્વદેશી મેળા' યોજવા પર ભાર

# ભારતના ઉદયને તાકાત આપવા માટે આત્મનિર્ભરતા જરૂરીઃ પીએમ મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઘરઆંગણે બનતી પેદાશોને પ્રોત્સાહન આપવા માટે 'સ્વદેશી મેળા'નું આયોજન કરવા એનડીએ સાંસદે સત્તારૂઢ એનડીએના સાંસદોને આહ્વાન કર્યું છે. એટલું જ નહિ આ ચળવળને લોકો સુધી પહોંચાડવાનો નિર્ધાર પણ તેમણે વ્યક્ત કર્યો હતો. મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતના ઉદય માટે આત્મનિર્ભરતા જ એક માર્ગ છે. એના થકી જ પડકારોનો સામનો કરી શકાશે. ઉપપ્રમુખની ચૂંટણીના એક દિવસ અગાઉ સાંસદોને સંબોધતાં મોદીએ ભારતમાં બનાવેલા ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાની અને GST દરમાં ઘટાડાની વ્યાપક અસર લોકો સુધી પહોંચાડવાની જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. જે માટે સાંસદો તેમના મતવિસ્તારમાં લોકો અને વેપારીઓ સાથે બેઠકો યોજે અને તેમને તેમની સમજ આપે. હવે



નવરાત્રિ અને દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને તેની તાતી જરૂર હોવાનું મોદીએ કહ્યું હતું.કેન્દ્રીય મંત્રી કિરન રિજિજુએ પછીથી કહ્યું હતું કે મોદીએ કોઈ દેશનો ઉલ્લેખ કર્યો નહતો. તેમણે માત્ર આત્મનિર્ભરતાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો. ભારત જ્યારે એક મજબૂત રાષ્ટ્ર તરીકે ઊભરી રહ્યો છે ત્યારે કેટલાક પડકારો આવશે જ. એક વિકસિત રાષ્ટ્ર બનવા આત્મનિર્ભરતાની જરૂર છે. ઉલ્લેખનીય છે કે અમેરિકાના ૫૦ ટકા ટેરિફ લાદવાના નિર્ણય બાદથી વડાપ્રધાન 'સ્વદેશી' પર ભાર મુકી રહ્યા છે. મોદીએ તાજેતરમાં પસાર થયેલા ઓનલાઈન ગેમો અંગેના કાયદાની હકારાત્મક અસર અંગે લોકોને જાણ કરવાની હિમાયત કરી હતી.

# નેપાળમાં સ્થિતિ બેકાબૂ થતાં કાઠમંડુ એરપોર્ટ બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડુ, ભારતની ટોચની એરલાઈન એર ઈન્ડિયા અને ઈન્ડિગોએ નેપાળમાં ચાલી રહેલા હિંસક આંદોલનને ધ્યાનમાં લેતાં દિલ્હીથી કાઠમંડુ જતી ફ્લાઈટ કેન્સલ કરી છે. ભારત સરકારે પણ નેપાળમાં રહેતાં ભારતીયો તેમજ ભારતીય પ્રવાસીઓ માટે એડવાઈઝરી જાહેર કરી છે. એર ઈન્ડિયાએ કાઠમંડુની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેતાં નિવેદન આપ્યું છે કે, દિલ્હીથી કાઠમંડુ જતી AI૨૨૩૧/૨૨૩૨, AI૨૨૧૯/૨૨૨૦, AI૨૧૭/૨૧૮ અને AI૨૧૧/૨૧૨ ફ્લાઈટ રદ કરવામાં આવી છે. એર ઈન્ડિયા ખાતે અમે અમારા પેસેન્જર અને ક્રૂ સભ્યોની સલામતીને પ્રાધાન્ય આપીએ છીએ. પરિસ્થિતિનું નજીકથી નીરિક્ષણ કરી રહ્યા છીએ. વધુ વિગતો અને માહિતી રજૂ કરતાં રહીશું. ઈન્ડિગોએ પણ સોશિયલ મીડિયા પોસ્ટ મારફત પોતાન કાઠમંડુથી દિલ્હી અને દિલ્હીથી કાઠમંડુ જતી ફ્લાઈટ રદ કરી હોવાનું જણાવ્યું છે. ઈન્ડિગોએ જણાવ્યું કે, પેસેન્જરને ફ્લાઈટનો વિકલ્પ તેમજ રિફંડ વેબસાઈટ પરથી પાછુ આપવામાં આવશે. અમે ગ્રાહકોને સત્તાવાર માધ્યમો સાથે જોડાયેલા રહેવા અપીલ કરીએ છીએ. પરિસ્થિતિ સામાન્ય થાય ત્યાં સુધી નેપાળની કોઈ ફ્લાઈટ ઓપરેટ કરવામાં આવશે નહીં.ભારતના વિદેશ મંત્રાલયે નેપાળમાં ભારતીયો માટે એડવાઈઝરી જાહેર કરી છે. નેપાળમાં રહેતાં ભારતીયોને સતર્ક રહેવા, બિનજરૂરી બહાર ન નીકળવા તેમજ સ્થાનિક અધિકારીઓના આદેશનું પાલન કરવા અપીલ કરી છે. નેપાળમાં કરફ્યુ વચ્ચે નેપાળમાં રહેતા અને નેપાળ ફરવા ગયેલા ભારતીયો માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે. નેપાળમાં કોઈપણ પ્રકારની મદદ માટે ભારતીયો કાઠમંડુમાં સ્થિત ભારતીય એમ્બેસીનો સંપર્ક સાધી શકે છે. જેના હેલ્પલાઈન નંબર ૯૭૭-૯૮૦ ૮૬૦ ૨૮૮૧ અને ૯૭૭- ૯૮૧ ૦૩૨ ૬૧૩૪ છે. આ નંબર પર માત્ર વોટ્સએપ કોલિંગ જ થઈ શકશે. નેપાળમાં Gen-Z આંદોલને સરકાર ઉથલાવી દીધી છે. વડાપ્રધાન કેપી શર્મા ઓલી અંતે રાજીનામું આપવા મજબૂર બન્યા હતા.

### ચીન-જાપાન સાથે ભારતની ધરી જોઈ યુક્રેનના પ્રમુખે ચાલ બદલી

# ભારત પર ટેરિફ લાદીને અમેરિકાએ બરોબર કર્યુ છેઃ ઝેલેન્સ્કીનો યુ-ટર્ન

(સંપૂર્ણ સમાચાર સેવા)કીવ, યુક્રેન-રશિયા વચ્ચેના યુદ્ધમાં સૌ કોઈ શાંતિ ઝંખી રહ્યું છે, પરંતુ યુદ્ધવિરામના કોઈ સંકેત સાંપડી રહ્યા છે. આ મામલામાં પહેલા યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન પર વાતચીત કરતા હતા. પરંતુ, શાંઘાઈ સહયોગ સંગઠન(એસસીઓ)ની સમિટમાં રશિયા, ચીન અને ભારતની ત્રિપુટી જોયા પછી ઝેલેન્સ્કી ખુલીને હવે અમેરિકાના સમર્થનમાં આવી ગયા છે. ઝેલેન્સ્કીએ પહેલીવાર ભારત અંગે એવુ નિવેદન આપ્યું છે કે જેનાથી બંને દેશોના કૂટનીતિક સંબંધોમાં કડવાશ લાવી દેશે. ઝેલેન્સ્કીએ અમેરિકાના મીડિયાની સાથે વાતચીત કરતી વખતે કહ્યું કે અમેરિકાએ ભારત પર ટેરિફ લાદીને બિલકુલ યોગ્ય કર્યું છે. મને લાગે છે કે રશિયા સાથે સોદો કરનાર દેશો પર ટેરિફ મુકવાનો વિચાર ઉચિત છે. ઉલ્લેખનીય છે કે ઝેલેન્સ્કીને એસસીઓના શિખર સંમેલન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચીન યાત્રા મામલે સવાલ પૂછવામાં આવ્યા હતા.

સૌથી મહત્વપૂર્ણ વાત એ છે કે ઝેલેન્સ્કીએનું નિવેદન એવા સમયે સામે આવ્યું છે, જ્યારે ટ્રમ્પ સરકાર રશિયા સામેના પ્રતિબંધોને વધુ આકરા કરવાની યોજના બનાવી રહી છે. ગત મહિને અમેરિકાના અલાસ્કામાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની સાથે ટ્રમ્પની વાતચીત કૂટનીતિક સફળતા હાંસલ થઈ શકી નથી. ટ્રમ્પે કહ્યું કે એ રશિયાની સામે પ્રતિબંધોનો વિસ્તાર કરવા માટે તૈયાર છે. રાષ્ટ્રીય આર્થિક પરિષદના ડાયરેક્ટર કેવિન હેસેટે પણ રશિયા પર નવા પ્રતિબંધોના સંકેત આપ્યા છે, અને ભારતનું ઉદાહરણ આપ્યું હતું.યુક્રેન પર રશિયાના તાજેતરના સૈન્ય હુમલા પછી કેવિન હેસેટે કહ્યું કે રાષ્ટ્રીય આર્થિક પરિષદમાં અમારી જવાબદારી છે કે અમે પ્રતિબંધો લાગુ કરીએ અને જે લોકો યુક્રેનની સામેના યુદ્ધમાં રશિયાની મદદ કરી રહ્યા છે, ઉદાહરણ તરીકે - ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદી રહ્યું છે, અમે તેને(ભારત) આર્થિક રીતે જવાબ આપવા તૈયાર છીએ. મને ભરોસો છે કે આજે અને કાલે પ્રતિબંધોના સ્તર અને સમય અંગે વિસ્તૃત ચર્ચા થશે. તાજેતરના સપ્તાહોમાં ભારતે યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવાની પોતાની વકીલાત તેજ કરી છે. મોદીએ ગત મહિને આ મામલાને લઈને ઝેલેન્સ્કીની સાથે વાતચીત કરી હતી. મોદીએ કહ્યું કે ઝેલેન્સ્કીની સાથે વાતચીત કરીને યુદ્ધના ત્વરિત અને શાંતિપૂર્ણ સમાધાનની જરુરિયાત પર ભારતની દૃઢ સ્થિતિથી તેમને(ઝેલેન્સ્કી) વાકેફ કર્યા છે. ભારત આ મામલામાં શક્ય યોગદાન આપવાની સાથે યુક્રેનની સાથે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે.

### યુક્રેન યુદ્ધ પૂર્વે ભારત રશિયા પાસેથી બહું ઓઈલ ખરીદતું નહીં હોવાનો દાવો

# રશિયા પાસેથી ભારત ઓઈલ ખરીદે છે તે બ્લડ મની છેઃ નવારોનો વધુ એક લવારો

## યુ.એસ.ના કરદાતાઓ વધુ ખર્ચ કરી રહ્યા છે. ભારત સત્ય સહન કરી શકતું નથી અને ગેરમાર્ગે દોરી રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ન્યૂયોર્ક, ભારત દ્વારા રશિયા પાસેથી ખરીદવામાં આવતા ઓઈલથી અમેરિકાના પેટમાં ઉપડેલો દુઃખાવો મટવાનું નામ નથી લઈ રહ્યો. રશિયન ઓઈલની ખરીદી બદલ ભારત પર ૫૦ ટકાનો જંગી ટેરિફ લાદ્યા પછી પણ અમેરિકાની પીડા ઓછી નથી થઈ રહી.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના વેપાર સલાહકાર પીટર નવારો વારંવાર આ મામલે એલફેલ નિવેદનો કરી રહ્યાં છે. નવારોએ આ મામલે કરેલાં વધુ એક બેજવાબદાર નિવેદનમાં સોમવારે ભારત દ્વારા કરાતી રશિયન ઓઈલની ખરીદીને 'બ્લડ મની' ગણાવી હતી. નવારોના દાવા અનુસાર યુક્રેન સંઘર્ષ પૂર્વે ભારત રશિયા પાસેથી મોટાં પ્રમાણમાં ઓઈલની ખરીદી કરતું નહોતું. એક્સ પરની એક પોસ્ટમાં નવારોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો તે અગાઉ ભારત રશિયા પાસેથી બહું ઓઈલ નહોતું ખરીદતું. આ બ્લડ મની છે,



લોકો મરી રહ્યાં છે. ગયા અઠવાડિયે, વ્હાઈટ હાઉસના વેપાર અને ઉત્પાદન માટેના વરિષ્ઠ સલાહકાર નવારોએ એક પોસ્ટમાં કહ્યું હતું કે,ભારતના ઊંચા ટેરિફને પગલે અમેરિકામાં લોકોની રોજગારીઓ છીનવાઈ રહી છે.

ભારત ફક્ત નફો રળવા માટે રશિયન તેલ ખરીદે છે. ભારતની ખરીદીથી રશિયાને થતી આ આવક રશિયા યુદ્ધ લડવામાં ખર્ચે છે. યુક્રેનિયનો અને રશિયનો મરી રહ્યા છે.યુ.એસ.ના કરદાતાઓ વધુ ખર્ચ કરી રહ્યા છે. ભારત સત્ય સહન કરી શકતું નથી અને ગેરમાર્ગે દોરી રહ્યું છે. જોકે એક્સ પર કરાયેલી નવારોની પોસ્ટ પર યુઝર્સે ફેક્ટ ચેક્સ પોસ્ટ કરી હતી. જેમાં ગયા મહિને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે અલાસ્કામાં યોજાયેલી બેઠક અંગે પુતિને કરેલાં નિવેદનના અહેવાલોને ટાંકવામાં આવ્યાં હતાં. જે મુજબ રાષ્ટ્રપ્રમુખ પદે ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન અમેરિકા અને રશિયા વચ્ચેના વેપારમાં વધારો થયો હોવાનું જણાવાયું છે. જોકે આ ફેક્ટ ચેક પોસ્ટથી અકળાયેલાં નવારોએ મસ્કની ટીકા કરતાં કહ્યું હતું કે, એક્સના અબજોપતિ માલિક લોકો દ્વારા કરવામાં આવતી પોસ્ટમાં પ્રોપોગેન્ડા ઘુસાડી રહ્યાં છે.

# મુંબઈમાં ૮૧ વર્ષીય વૃદ્ધે ચાકુથી ગળું કાપીને ૭૪ વર્ષીય પત્નીની હત્યા કરી દીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ, સામાન્ય રીતે પતિ-પત્ની વૃદ્ધાવસ્થામાં એકબીજાનો સૌથી મોટો આધાર હોય છે. પરંતુ મુંબઈમાં એક ૮૧ વર્ષીય વૃદ્ધે એવું ઘાતક પગલું ભર્યું, જે સાંભળીને રુંવાડા ઊભા થઈ જશે. સમગ્ર ઘટના એવી છે કે વસઈના રહેવાસી ૮૧ વર્ષીય ગેબ્રિઅલ પરેરાએ પોતાની ૭૪ વર્ષીય પત્નીનું ચાકુથી ગળું કાપી નાંખ્યું અને ત્યાર પછી પોતે પણ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ એ બચી ગયા છે. પતિ-પત્ની બંને બીમાર રહેતા હતા. આ વૃદ્ધ દંપતિનો એક પુત્ર છે, જે ઘટના સમયે ઘરે હાજર ન હતો. પતિ-પત્ની બંને લાંબા સમયથી બીમાર રહેતા હતા. બંને ગળાની, પીઠની, ઘુટણની અને અન્ય બીમારીઓથી પીડિત હતા. શનિવારે સાંજે લગભગ ૮-૩૦ કલાકે - ગેબ્રિઅલ પરેરા(ઉંમર)એ પોતાની પત્ની આર્ટિના પરેરા(ઉંમર ૭૪) પર ચાકુથી હુમલો કરીને તેની હત્યા કરી દીધી. ત્યાર પછી પતિએ એ જ ચાકુથી પોતાની હાથની નસ કાપીને આપઘાત કરવાની કોશિશ કરી, પરંતુ ગંભીર રીતે ઘાયલ પરેરાને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં જીવન અને મોતની વચ્ચે ઝઝૂમી રહ્યા છે. ઘટના સમયે દંપતિનો પુત્ર ઘરથી બહાર ગયો હતો. જોકે, પુત્ર પરત ફર્યો ત્યારે ઘર અંદરથી બંધ હતું, જેના કારણે તેણે દરવાજો તોડ્યો અને અંદર જોયું તો માતા લોહીલુહાણ હાલતમાં મૃત હાલતમાં અને પિતા ગંભીર રીતે ઘાયલ હાલતમાં હતા.




# તંત્રી લેખ.....

## અમેરિકામાં કાયદેસરના ઈમિગ્રન્ટ્સ પર પણ દેશનિકાલનું જોખમ

વિદેશી નાગરિકો માટે અમેરિકામાં જવાનું અને અમેરિકામાં રહેવાનું દિવસે દિવસે મુશ્કેલ બનતું જાય છે. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન નવા નવા નોટિફિકેશન બહાર પાડીને વિદેશી નાગરિકો માટે મુશ્કેલીમાં વધારો કરે છે. એવું જ એક નવું નોટિફિકેશન આવ્યું છે એ પ્રમાણે સ્ટૂડન્ટ્સ કે ટૂરિસ્ટ વિઝા લઈને અમેરિકા ગયેલા વિદેશી નાગરિકોએ જો કામ કર્યું હશે તો તેમનો તાત્કાલિક દેશનિકાલ કરાશે.અમેરિકામાં ઓલરેડી વિઝા મેળવીને અમેરિકામાં રહેતા સ્ટૂડન્ટ્સ, વિઝિટર્સ, એચ-૧બી વિઝાધારકો માટે પ્રમુખ ટ્રમ્પે મુશ્કેલી ઊભી કરી છે. ટ્રમ્પ સરકારે રેવન્યુ વિભાગ (આઈઆરએસ) પાસેથી કાયદેસરના ઈમિગ્રન્ટ્સની આવકનો ડેટા એકત્ર કર્યો છે. જે વિદેશી નાગરિકો સ્ટૂડન્ટ્સ વિઝા, એચ-૧બી વિઝા કે વિઝિટર્સ વિઝા મેળવીને આવ્યા હોય અને તેમણે રોજગારીની અન્ય આવકો કરી હશે તો તેમને દેશનિકાલ કરવામાં આવશે. આ નિર્ણયની અસર ખૂબ બધા ભારતીયો પર થશે. અમેરિકાના ઈમિગ્રેશન વિભાગે જુદી જુદી સુરક્ષા એજન્સીઓ પાસેથી ડેટા એકઠો કર્યો છે. સ્થાનિક એજન્સીઓના લિસ્ટમાં એવા વિદેશી નાગરિકો નોંધાયા હશે કે જે વર્ક સિવાયની કેટેગરીના વિઝા લઈને આવ્યા હશે અને પછી કામ કરતા ઝડપાયા હશે તો તેમને પાછા ધકેલી દેવાશે. વળી, એચ-૧બી વિઝા હેઠળ જે કંપનીએ વિઝા આપ્યા હશે તે સિવાય ળી લાન્સિંગ કામ કર્યું હશે એની સામેય આવી જ કાર્યવાહી થશે. ભારતના સેંકડો સ્ટૂડન્ટ્સ ભણતા ભણતા સાઈડજોબ કરતાં હોય છે. એ જ રીતે વિઝિટર્સ પણ છ મહિના સુધી રોકાતા હોય એ દરમિયાન સાઈડમાં કામ કરે છે. ભારતીય સહિત બધા જ વિદેશી નાગરિકોમાં આ પોપ્યુલર ટ્રેન્ડ છે. તે સિવાય એચ-૧બી વિઝા લઈને જતાં ભારતીય આઈટી પ્રોફેશનલ્સ પણ ફ્રી લાન્સિંગ કરતા હોય છે. આ તમામ પર જોખમ સર્જાયું છે.એ જ રીતે બીજો અવરોધ અમેરિકામાં વિઝા મેળવવા લાંબી કતારની રાહ જોવાનું ટાળવા અન્ય દેશમાંથી અરજી કરનારા લોકોને પડયો છે. અમેરિકામાં બી૧ અને બી૨ વિઝા મેળવીને વિઝિટ કરી શકાય છે. દુનિયાભરના વિઝિટર્સ આ કેટેગરીના વિઝા મેળવીને અમેરિકા ફરવા જાય છે. તે ઉપરાંત કામ કરવા માટે એચ-૧બી અને ઓ-૧ જેવી વિઝા કેટેગરી છે. સ્ટૂડન્ટ્સ એફ-૧ શ્રેણીના વિઝા મેળવીને જાય છે. આ સંદર્ભમાં અમેરિકન સરકારે નવું નોટિફિકેશન બહાર પાડયું છે, જેનો અમલ પણ તાત્કાલિક અસરથી કરી દેવાયો છે. એ પ્રમાણે આ કેટેગરીના વિઝાની અરજી જે તે દેશમાંથી જ કરી શકાશે. ભારતના નાગરિકો યુરોપમાં ફરવા ગયા હોય તો અત્યાર સુધી યુરોપના કોઈ દેશમાંથી અમેરિકા જવા માટે અરજી થઈ શકતી હતી, તેના બદલે હવે ભારતમાંથી જ અરજી કરી શકાશે. આ કેટેગરીના અરજદારો ઘણી વખત ભારત જેવા દેશમાં લાંબાં વેઈટિંગથી બચવા માટે વિએટનામ, થાઈલેન્ડ કે યુરોપના કોઈ દેશમાંથી અરજી કરતા હોય છે. આ નવા નિર્ણયથી વિઝિટર્સને ભારતમાંથી અમેરિકાના વિઝા લેવા હશે તો એક-એક વર્ષની રાહ જોવી પડે એવી શક્યતા છે.

**ચૂંટણીમાં NDAની જીત નિશ્ચિત મનાઈ રહી છે**

## ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં ખેલ: પક્ષે NDAને સમર્થન આપતા એકઝાટકે વધી ગયા ૧૧ વોટ

### ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટેના મતદાર મંડળમાં રાજ્યસભાના ૨૩૩ ચૂંટાયેલા, ૧૨ નામાંકિત અને લોકસભાના ૫૪૩ ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ થાય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી,

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં NDAની જીત નિશ્ચિત મનાઈ રહી છે. આ દરમિયાન YSRCPના અધ્યક્ષ જગન મોહન રેડ્ડીએ NDAના ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણનને સમર્થન આપવાની જાહેરાત કરી છે. પીયૂષ ગોયલ સાથેની મુલાકાત બાદ રેડ્ડીએ આ નિર્ણય લીધો હતો, જેનાથી NDAને સીધા ૧૧ મતોનો ફાયદો થયો છે. YSR કોંગ્રેસના લોકસભામાં ૪ અને રાજ્યસભામાં ૭ સાંસદો છે.

કોંગ્રેસ નેતા મણિકમ ટાગોરે X પર પોસ્ટ કરીને કહ્યું કે આંધ્રપ્રદેશના લોકો જગન મોહન રેડ્ડીનો વિશ્વાસઘાત ભૂલશે નહીં. તેમણે આક્ષેપ કર્યો કે રેડ્ડીએ રાજ્યના હિતોને બદલે પોતાના CBI કેસના ડરથી RSS-સમર્થિત ઉમેદવારને સમર્થન આપ્યું છે.

ટાગોરે જણાવ્યું કે, 'જગન મોહનનો આ નિર્ણય કોઈ રાજકીય રણનીતિ નથી, પરંતુ નરેન્દ્ર મોદીના દબાણ સામેનું આત્મસમર્પણ છે.' તેમણે તમામ સાંસદોને અપીલ કરી કે તેઓ બંધારણનું સમર્થન કરનાર ઉમેદવારને જ મત આપે, નહીં કે RSSના ઉમેદવારને.'

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટેના મતદાર મંડળમાં રાજ્યસભાના ૨૩૩ ચૂંટાયેલા, ૧૨ નામાંકિત અને લોકસભાના ૫૪૩ ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ થાય છે, જે કુલ ૭૮૮ સભ્યો છે (વર્તમાનમાં ૭૮૧). આ વખતે બંને ઉમેદવારો દક્ષિણ ભારતમાંથી છે, જેમાં એનડીએના ઉમેદવાર રાધાકૃષ્ણન તમિલનાડુથી અને વિપક્ષના રેડ્ડી તેલંગાણાથી છે. આંકડા મુજબ એનડીએનું પલડું ભારે છે, જોકે રેડ્ડીએ આ લડાઈને વૈચારિક ગણાવી છે.ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ફક્ત લોકસભા અને રાજ્યસભાના સાંસદો જ મતદાન કરી શકે છે, જેમાં રાજ્યસભાના ૧૨ નામાંકિત સભ્યો પણ સામેલ છે. લોકસભામાં કુલ ૫૪૨ અને રાજ્યસભામાં ૨૩૯ સાંસદો છે. BJD, BRS, શિરોમણિ અકાલી દળ અને એક અપક્ષ સાંસદે મતદાનમાં ભાગ નહીં લેવાની જાહેરાત કરી છે. કુલ ૭૮૮માંથી ખાલી સીટો બાદ કરતાં સાંસદોની સંખ્યા ૭૮૧ છે, પરંતુ મતદાન કરનારા સાંસદોની સંખ્યા ૭૭૦ છે, તેથી બહુમતીનો આંકડો ૩૯૧ છે.

લોકસભાના ૫૪૨ સાંસદોમાંથી NDA પાસે ૨૯૩ સાંસદોનું સમર્થન છે, જેમાં એકલા ભાજપના ૨૪૦ સાંસદો છે. આ ઉપરાંત TDPના ૧૬, JDUના ૧૨, શિવસેનાના ૭ અને લોજપાના ૫ સાંસદો પણ NDAની સાથે છે. હવે YSRCP એ પણ સમર્થન જાહેર કરતા NDAનું સંખ્યાબળ વધુ મજબૂત બન્યું છે.

રાજ્યસભામાં, ભાજપના ૧૦૨ સાંસદો સહિત NDA પાસે કુલ ૧૨૫ સાંસદો છે. YSR કોંગ્રેસના ૭ સાંસદોના સમર્થન સાથે આ સંખ્યા ૧૩૨ થઈ જાય છે. બીજી તરફ, વિપક્ષી ગઠબંધન પાસે માત્ર ૮૫ સાંસદો છે. આમ, કુલ અપેક્ષિત મતોમાં NDAને ૪૩૪ અને ઈન્ડિયા ગઠબંધનને ૩૨૦ મત મળવાની શક્યતા છે.

**ચાર બાળકો પેદા કરશો તો ટેક્સ નહીં**

## ગ્રીસે વસ્તી વધારવાના હેતુથી ૧.૬ અબજ યુરો ના પેકેજની જાહેરાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)યુરોપ,

વસ્તી ઘટવાની સમસ્યાથી પરેશાન દક્ષિણ-પૂર્વ યુરોપના દેશ ગ્રીસે વસ્તી વધારવાના હેતુથી ૧.૬ અબજ યુરો એટલે કે લગભગ ૧૬,૫૬૩ કરોડ રૂપિયા)ના પેકેજની જાહેરાત કરી છે. રવિવારે આ નવી નીતિઓની જાહેરાત કરતા, વડાપ્રધાન કિરિયાકોસ મિત્સોતાકિસે જણાવ્યું કે, 'આ રાહત પેકેજ દેશની સૌથી મોટી સમસ્યા એટલે કે ઘટતી વસ્તીને પહોંચી વળવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. આ પેકેજમાં વધુ બાળકો પેદા કરવા માટે લોકોને પ્રોત્સાહિત કરવા ટેક્સમાં છૂટ અને અન્ય પગલાં સામેલ છે.'

પ્રજનન દર ઘટવાના કારણે ગ્રીસ યુરોપનો સૌથી વૃદ્ધ દેશ બનવા તરફ આગળ વધી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ગ્રીસ સરકારે વસ્તી વધારવાના હેતુથી નવા નિયમોની જાહેરાત કરી છે. ૨૦૨૬થી લાગુ થનાર આ નિયમો મુજબ, જે પરિવારોમાં ચાર બાળકો હશે તેમને ટેક્સમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવશે. આ ઉપરાંત, જે વસાહતોની વસ્તી ૧૫૦૦ કરતાં ઓછી છે ત્યાંના લોકોને પણ અન્ય ટેક્સમાંથી છૂટ મળશે, જેનો ખર્ચ સરકાર પોતાના રાજકોષમાંથી ભોગવશે.

વડાપ્રધાન કિરિયાકોસ મિત્સોતાકિસના જણાવ્યા અનુસાર, 'જો તમને કોઈ બાળક ન હોય તો જીવનનિર્વાહનો ખર્ચ ઓછો હોય છે, પરંતુ જો તમારા બે કે ત્રણ બાળકો હોય તો તે વધી જાય છે. આ કારણોસર, એક દેશ તરીકે આપણે એવા નાગરિકોને પુરસ્કૃત કરવાનો માર્ગ શોધવો જોઈએ, જેઓ વધુ બાળકો પેદા કરવાનું પસંદ કરે છે.'

વડાપ્રધાન મિત્સોતાકિસે કહ્યું કે, 'નવા પગલાં હેઠળ દરેક વર્ગને ૨% ટેક્સ કટનો લાભ મળશે. જોકે, ચાર બાળકોવાળા ઓછી આવકના પરિવારોને 'ઝીરો ટેક્સ' નીતિનો ફાયદો થશે. આ નવા કર લાભો ૨૦૨૬થી લાગુ થશે. આ પેકેજને તેમણે ગ્રીસમાં છેલ્લા ૫૦ વર્ષથી વધુ સમયમાં લાગુ થયેલો સૌથી સાહસિક કર સુધારણા કાર્યક્રમ ગણાવ્યો છે. આ નીતિઓ વસ્તીની સમસ્યાનો ઉકેલ લાવવા માટે દક્ષિણપંથી સરકાર દ્વારા લેવાયેલ અન્ય પહેલ પર આધારિત છે. યુરોપના અન્ય દેશોની તુલનામાં, ગ્રીસમાં પ્રજનન દર સૌથી ઓછો છે. ગ્રીસમાં પ્રતિ મહિલાનો પ્રજનન દર ૧.૪ બાળકો છે, જે સરેરાશ ૨.૧ના દર કરતાં ઘણો ઓછો છે. વડાપ્રધાન મિત્સોતાકિસે આ પરિસ્થિતિને 'રાષ્ટ્રીય જોખમ' ગણાવી છે. યુરોસ્ટેટના આંકડા મુજબ, ગ્રીસની વર્તમાન વસ્તી ૧.૦૨ કરોડ છે, જે ૨૦૫૦ સુધીમાં ઘટીને ૮૦ લાખથી પણ ઓછી થવાનો અંદાજ છે, જેમાંથી ૩૬% વસ્તી ૬૫ વર્ષથી વધુ ઉંમરની હશે. આ ગંભીર પરિસ્થિતિને સ્વીકારતા ગ્રીસના નાણામંત્રી કહ્યું કે, વસ્તીમાં ભારે ઘટાડો એ દેશના અસ્તિત્વ માટે મોટો ખતરો છે. ગ્રીસના નાણામંત્રીએ જણાવ્યું કે, '૧૫ વર્ષ પહેલા દેશમાં આર્થિક કટોકટીની શરૂઆત થઈ ત્યારથી પ્રજનન દર અડધો થઈ ગયો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ ગંભીર સમસ્યાને પહોંચી વળવા માટે તેમની સરકારની નવી કર નીતિ અને અન્ય સુધારાઓ મદદરૂપ થશે. તેમના મતે, હાલમાં દેશ માટે સૌથી મોટી પ્રાથમિકતા વસ્તીવિષયક મુદ્દો છે. ઉલ્લેખનીય છે કે, ગ્રીસમાં લગભગ એક દાયકા સુધી ચાલેલી આંતરિક કટોકટીને કારણે લગભગ પાંચ લાખ યુવા અને પ્રતિભાશાળી લોકોએ કામની શોધમાં દેશ છોડી દીધો હતો.

**ભારે વરસાદથી રોડ રસ્તાને નુકસાન**

## માઉન્ટ આબુમાં ત્રણ દિવસ પ્રવાસીઓ પર પ્રતિબંધ લગાવાયો

### નાયબ કલેક્ટરે સમગ્ર સ્થિતિની સમીક્ષા કરી હતી તેમણે તાત્કાલિક રસ્તાઓ રીપેર કરવા સૂચના આપી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજસ્થાન,

માઉન્ટ આબુમાં છેલ્લા ૩૦ કલાકમાં ૧૨ ઈંચ વરસાદ ખાબક્યો છે. ત્યાં ફસાયેલા પર્યટકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. ભારે વરસાદને કારણે આબુના રસ્તાઓ ખરાબ થઈ ગયાં છે. આબુના નાયબ જિલ્લા કલેક્ટરે ઈમર્જન્સી બેઠક બોલાવી હતી ત્યાર બાદ તેમણે ત્રણ દિવસ સુધી પ્રવાસીઓ પર પ્રતિબંધ મુકી દીધો હતો. આબુમાં રસ્તાઓ ખરાબ થઈ જવાને કારણે ભારે વાહનોની અવર જવર પર પણ પ્રતિબંધ ફરમાવી દેવાયો હતો. નાયબ કલેક્ટરે સમગ્ર સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે તાત્કાલિક રસ્તાઓ રીપેર કરવા સૂચના આપી હતી.

માઉન્ટ આબુમાં મુશળધાર વરસાદને કારણે ધૂમ વિસ્તારમાં રોડનો ભાગ તૂટી ગયો હતો. પાણીના ફોર્સને કારણે રોડ તૂટ્યો હતો. જેથી આ રોડ પર તંત્ર દ્વારા વાહનવ્યવહાર બંધ કરી દેવાયો હતો. બીજી તરફ ભારે વરસાદ અને પાણીના પ્રવાહને કારણે આબુમાં રોડ અને રસ્તા તૂટી ગયા હતાં. રસ્તા તૂટી જવાથી વાહન વ્યવહારને અસર પહોંચી હતી.

સમગ્ર સ્થિતિ અંગે આબુના નાયબ કલેક્ટરે એક ઈમર્જન્સી મીટિંગ બોલાવી હતી. જેમાં તેમણે પ્રવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવા અને રોડ રસ્તાના તાત્કાલિક રીપેરિંગ માટે તંત્રના અધિકારીઓને આદેશ કર્યો હતો. ત્રણ દિવસ સુધી રસ્તાનું રિપેરિંગ ચાલશે. ત્યાં સુધી પ્રવાસીઓ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે.

## દિલ્હીની મેડિકલ કોલેજ અને સચિવાલયને મળી મેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી,

ફરી એકવાર બોમ્બ ધમકીવાળા ઈમેલથી દિલ્હીની સુરક્ષા વ્યવસ્થાને પડકાર ફેંકાયો છે. આ વખતે, દિલ્હીની મૌલાના આઝાદ મેડિકલ કોલેજને આ ધમકી મળી છે. વાસ્તવમાં, મેડિકલ કોલેજ મેનેજમેન્ટને મેઈલ દ્વારા ધમકી આપવામાં આવી છે કે આખી ઈમારત બોમ્બથી ઉડાવી દેવામાં આવશે. આ મામલો પ્રકાશમાં આવતાની સાથે જ દિલ્હી પોલીસ, બોમ્બ સ્ક્વોડ અને ફાયર બ્રિગેડના વાહનો ઘટનાસ્થળે પહોંચી ગયા. આવા ધમકીભર્યા ઈમેલ ફક્ત મૌલાના આઝાદ મેડિકલ કોલેજ માટે જ નહીં પરંતુ મુખ્યમંત્રી સચિવાલય માટે પણ આવ્યા છે. ઈમેલમાં વિસ્ફોટનો સમય MAMC માટે બપોરે ૨:૪૫ વાગ્યા અને સચિવાલય માટે ૩:૩૦ વાગ્યાનો જણાવવામાં આવ્યો છે.ધમકી મળતાની સાથે જ SOP હેઠળ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. બંને સ્થળોએ બોમ્બ સ્ક્વોડ અને પોલીસ ટીમો તૈનાત કરવામાં આવી છે. MAMC અને સચિવાલય કેમ્પસમાં BDDS/BDT ટીમો સતત તપાસ કરી રહી છે. એડિશનલ DCP સેન્ટ્રલ, ACP કમલા માર્કેટ અને IP એસ્ટેટના SHO સચિવાલયમાં હાજર છે.

ધમકી મળતાની સાથે જ SOP હેઠળ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. બંને સ્થળોએ બોમ્બ સ્ક્વોડ અને પોલીસ ટીમો તૈનાત કરવામાં આવી છે. MAMC અને સચિવાલય પરિસરમાં BDDS/BDT ટીમો સતત તપાસ કરી રહી છે. સચિવાલયમાં વધારાના DCP સેન્ટ્રલ, ACP કમલા માર્કેટ અને IP એસ્ટેટના SHO હાજર છે.

મેડિકલ કોલેજમાં તપાસ પર IP એસ્ટેટના ATO દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે. હાલમાં, સાયબર સેલ ઈમેઈલની તપાસ કરી રહ્યું છે અને તેની સત્યતા શોધવાનો પ્રયાસ કરી રહ્યું છે. DDMA, ટ્રાફિક પોલીસ અને સ્પેશિયલ સેલને પણ એલર્ટ કરવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં, ઈમેઈલની પેટર્ન અગાઉના બનાવટી મેઈલ જેવી જ છે

## એઈમ્સમાં પ્રથમ વખત ભ્રૂણ દાન થયું મેડિકલ ક્ષેત્રમાં સંશોધનમાં મદદ મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી,

દિલ્હી એઈમ્સને મોટી સફળતા મળી છે. એઈમ્સને પ્રથમ વખત ભ્રૂણ દાન મળ્યું છે. ૩૨ વર્ષીય વંદના જૈનને પાંચમાં મહિનામાં જ ગર્ભપાત થઈ ગયો હતો. જેને પગલે બાદમાં વંદના અને પરિવારના અન્ય લોકોએ ભ્રૂણનું દાન કરવાનો નિર્ણય લીધો હતો. અને આ ભ્રૂણને મેડિકલ ક્ષેત્રમાં વધુ પરીક્ષણ કે સંશોધન માટે દિલ્હીની એઈમ્સને દાન કરી દેવામાં આવ્યું હતું. ભ્રૂણને દાન કરવાનો નિર્ણય લઈ લીધા બાદ દિલ્હીમાં દેહદાન માટે કામ કરતી એક સમિતિનો વંદના અને તેના પરિવાર દ્વારા સંપર્ક કરવામાં આવ્યો.

**નિરમંડ વિકાસ ખંડની ઘાટૂ પંચાયતમાં ભારે ભૂસ્ખલન થયું**

## કુલ્લૂમાં ફરી ભૂસ્ખલન, એક જ પરિવારના ૫ વ્યક્તિઓના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)હિમાચલ પ્રદેશ,

હિમાચલ પ્રદેશમાં હવામાન ખુલ્યા બાદ પણ વાદળ ફાટવાની અને ભૂસ્ખલન થવાની ઘટનાઓ હજુ પણ બની રહી છે. ગઈ રાત્રે નિરમંડ ઉપમંડળના શર્માની ગામમાં થયેલા ભારે ભૂસ્ખલનને કારણે તબાહી મચાવી દીધી.

અહીં, એક ઘરમાં સૂતા પરિવાર પર ભૂસ્ખલન થવાથી તેઓ કાટમાળ નીચે દટાઈ ગયા. એક જ પરિવારના પાંચ સભ્યોના મોત થયા. આ ઘટનામાં પરિવારના અન્ય ત્રણ સભ્યો ઘાયલ થયા હતા, જેમને નિર્મંદમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ રામપુરની ખાનેરી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.

મળતી માહિતી પ્રમાણે કુલ્લુ જિલ્લાના નિરમંડ વિકાસ ખંડની ઘાટૂ પંચાયતમાં ભારે ભૂસ્ખલન થયું છે. ભૂસ્ખલનના કારણે શર્માણી ગામમાં આવેલ એક ઘર જમીનદોઝ થઈ ગયું. આ દુર્ઘટનામાં એક જ પરિવારના ૮ લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. જેમાં એક જ પરિવારના ૫ લોકોના મોત નીપજ્યા હતા.

જ્યારે પરિવારના ત્રણ અન્ય સભ્યોને ગ્રામજનો દ્વારા સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. પીડિતો ધર્મદાસ અને શિવરામના પરિવારો આ મકાનમાં રહેતા હતા.

શિવરામ પોતે ઈજાગ્રસ્ત



થયા છે, પરંતુ તેમના સમગ્ર પરિવારે આ દુર્ઘટનામાં જીવ ગુમાવવો પડ્યો.શિવરામની પત્ની તૃપ્તા દેવી, પુત્ર ચુન્ની લાલ, વહુ અંજના કુમાર, સાત વર્ષની પૌત્રી જાગૃતિ અને પાંચ વર્ષનો પૌત્ર ભોપેશ દરેકના કાટમાળ નીચે દટાઈ જવાથી મોતને ભેટ્યા છે. આ દુર્ઘટનામાં શિવરામ અને તેમના ભાઈ ધર્મદાસ તથા ધર્મદાસની પત્ની કલાદેવી ત્રણેય ઘાયલ થયા છે. ધર્મદાસનો પુત્ર ઘરે ન હોવાથી તે દુર્ઘટનાથી બચી ગયો.

મળતી માહિતી પ્રમાણે ગઈકાલે રાત્રે આશરે બે અઢી વાગ્યે ઘાટૂ પંચાયતના શર્માની ગામમાં પહાડ પરથી એકાએક ભારે માત્રામાં માટીઓ ધસીને નીચે પડવા લાગી. જેના કારણે બંને ભાઈઓના ઘર જમીનદોસ્ત થઈ ગયા. ભૂસ્ખલનમાં ધરમા ઊંઘતા પરિવારમાંના પાંચ સભ્યો માટી હેઠળ દટાઈ ગયા. ગ્રામજનો દ્વારા તરત જ રાહત કામગીરી શરૂ કરવામાં આવી અને ગુમ થયેલા લોકોની શોધખોળ હાથ ધરાઈ. લાંબા સમય પછી એક શબ મળ્યું, બાદમાં આશરે છ કલાક ચાલેલા શોધખોળ દરમિયાન બાકીના ચાર મૃતદેહો પણ બહાર કાઢવામાં આવ્યા.

**૫૫ ફાઈટર જેટ લઈ જવાની ક્ષમતા**

## ભારત બનાવશે ન્યુક્લિયરથી લેસ એરક્રાફ્ટ કેરિયર INS વિશાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી,

ભારત પોતાની નેવીને વધુ શક્તિશાળી બનાવવા માટે પ્રથમ ન્યુક્લિયરથી લેસ એરક્રાફ્ટ કેરિયર બનાવવા જઈ રહ્યું છે. તેનું નામ 'INS વિશાલ' છે. ૬ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સંરક્ષણ મંત્રાલયે ૧૫ વર્ષની યોજના ટેકનોલોજી પર્સપેક્ટિવ એન્ડ કેપેબિલિટી રોડમેપ ૨૦૨૫ (TPCR-૨૦૨૫) જાહેર કરી હતી. આ યોજના ભારતને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીન અને પાકિસ્તાન જેવા હરીફોનો સામનો કરવા માટે તૈયાર કરશે. INS વિશાલને સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર-૩ (IAC-૩) તરીકે પણ ઓળખવામાં આવે છે. તે ભારતનું ત્રીજું એરક્રાફ્ટ કેરિયર હશે. તે કોચીન શિપયાર્ડ લિમિટેડમાં બનશે અને પરમાણુ ઉર્જાથી ચાલશે. તેનું વજન ૬૫થી ૭૫ હજાર ટન હશે, તે ૩૦૦ મીટર લાંબું હશે અને તેની ગતિ લગભગ ૫૫ કિમી/કલાક હશે. તેનામાં ૫૫ ફાઈટર જેટ લઈ જવાની ક્ષમતા છે, જેમાં ૪૦ ફિક્સ્ડ-વિંગ (ફાઇટર એરક્રાફ્ટ) અને ૧૫ રોટરી-વિંગ (હેલિકોપ્ટર)હશે. તેનું નામ 'વિશાલ' સંસ્કૃતમાં 'વિશાલકાયનું પ્રતીક' છે. તે ભારતને અમેરિકા અને ફ્રાન્સ પછી ન્યુક્લિયરથી લેસ એરક્રાફ્ટ કેરિયર સંચાલિત કરે છે.

લાંબા સમય સુધી સમુદ્રમાં રહેવાની ક્ષમતાઃ તે રિફ્યુઅલિંગ વિના મહિનાઓ સુધી સમુદ્રમાં રહી શકે છે, જેનાથી પુરવઠાની જરૂરિયાત ઓછી થાય છે.

વધુ શક્તિઃ પરમાણુ રિએક્ટર ૫૦૦-૫૫૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરશે, જે ઈલેક્ટ્રોમેગ્નેટિક એરક્રાફ્ટ લોન્ચ સિસ્ટમ્સ (EMALS), લેસર હથિયાર અને સેન્સર જેવા આધુનિક ઉપકરણોને ચલાવશે.

- EMALS: આ ઈલેક્ટ્રોમેગ્નેટિક સિસ્ટમ ભારે વિમાનોને સરળતાથી ઉડાડવામાં મદદ કરશે. DRDO તેને સ્વદેશી રીતે વિકસાવી રહ્યું છે. ૪૦૦ કિલોગ્રામ સુધીના પ્રોટોટાઈપ સુધીનું પરીક્ષણ થઈ ચૂક્યુ છે. ભવિષ્યમાં તે ૪૦ ટન સુધીના વિમાનોને લોન્ચ કરશે.

- ઓટોમેટિક લેન્ડિંગ સિસ્ટમઃ આ વિમાનને સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં મદદ કરશે.

- ફ્રેનેલ ઓપ્ટિકલ લેન્ડિંગ સિસ્ટમઃ પાઈલટ્સને લેન્ડિંગમાં મદદ કરશે.

- કોમ્બેટ મેનેજમેન્ટ સોફ્ટવેરઃ વિમાનોને નિયંત્રિત કરવા અને યુદ્ધમાં દિશા આપવા માટે.

ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીન અને પાકિસ્તાનની વધતી જતી શક્તિએ ભારતને INS વિશાલ જેવા જહાજો બનાવવા માટે પ્રેરણા આપી છે.

ચીનનો પડકારઃ ચીન પાસે બે વિમાનવાહક જહાજો લિયાઓનિંગ અને શોંડોંગ છે. ત્રીજું ફુજિયાન EMALS સાથે તૈયાર થઈ રહ્યું છે. ચીન પરમાણુ સંચાલિત જહાજો પણ વિકસાવી રહ્યું છે.

પાકિસ્તાનની સબમરીનઃ પાકિસ્તાન ચીન પાસેથી ૮ હેંગોર-ક્લાસ સબમરીન ખરીદી રહ્યું છે, જેનાથી ભારતના દરિયાઈ વિસ્તારમાં ખતરો વધી જશે.

ત્રણ જહાજોની જરૂરઃ ભારત ત્રણ વિમાનવાહક જહાજો રાખવા માંગે છે જેથી બે હંમેશા એક્ટિવ રહે. જો એક જહાજ મેઈન્ટેનન્સમાં હોય તો બીજા બેને અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં તહેનાત રહી શકે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# યુવા, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે '૧૧મી એશિયન અક્વાટિક્સ ચેમ્પિયનશિપ – અમદાવાદ ૨૦૨૫'ની જર્સીનું અનાવરણ




સ્વિમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા '૧૧મી એશિયન અક્વાટિક્સ ચેમ્પિયનશિપ – અમદાવાદ ૨૦૨૫' માટે સત્તાવાર જર્સીનું અનાવરણ યુવા, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે સેક્ટર-૨૧ જીમખાના, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

શ્રી હર્ષભાઈ સંઘવીએ જર્સીનું અનાવરણ કરતા જણાવ્યું હતું કે, ભારતના એથલિટ્સે વિવિધ આંતર રાષ્ટ્રીય ટુર્નામેન્ટ્સમાં દેશનું ગૌરવ વધાર્યું છે અને વિશ્વ મંચ પર ભારતનો તિરંગો લહેરાવ્યો છે. ગુજરાતના યુવાનો આગામી 'એશિયન ગેમ્સ ૨૦૨૬'માં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરવા ભારતની ટીમમાં વધુ પ્રબળ સ્વિમર્સને મોકલવાનો રાજ્ય સરકારનો દ્રઢ નિશ્ચય છે. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત માટે આ સૌભાગ્યની વાત છે કે રાજ્યને અનેક મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ્સ માટે યજમાન બનવાનો અવસર પ્રાપ્ત થયો છે. આ ટુર્નામેન્ટસમાં સવર્શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ગુજરાત અગ્રેસર રહ્યું છે. ગુજરાતની પાવન ધરતીને ૧૧મી એશિયન અક્વાટિક્સ ચેમ્પિયનશિપ જેવી પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ માટે પસંદ કરી ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય મંચ પૂરું પાડવા મંત્રીશ્રીએ સ્વિમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, '૧૧મી એશિયન અક્વાટિક્સ ચેમ્પિયનશિપ' તા.૨૮ સપ્ટેમ્બરથી ૧૧ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી નવનિર્મિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, અમદાવાદ ખાતે યોજાવવા જઈ રહી છે

જેમાં ૩૦થી વધુ દેશોના ખેલાડીઓ ભાગ લેશે. આ ચેમ્પિયનશિપ 'એશિયન ગેમ્સ ૨૦૨૬' માટે ક્વોલિફાઈંગ ઈવેન્ટ તરીકે પણ સાબિત થશે.

આ પ્રસંગે, અર્જુન એવોર્ડી અને ડબલ ઓલિમ્પિયન ઓલિમ્પિયન સાજન પ્રકાશ, ડબલ ઓલિમ્પિયન શ્રીહરી નટરાજ, ૨૦૨૩ એશિયન ગેમ્સ સ્વિમર્સ કુશાગ્ર રાવત, અદ્વૈત પેજ અને પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિક્સમાં ભારતના સૌથી સ્વીમર ધિનિધી દેસિંઘુ તેમજ સ્વિમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના સચિવ શ્રી મોનલ ચોકસી હાજર રહ્યા હતા.

# ગુજરાત વિધાનસભાએ ઓપરેશન સિંદુરની સફળતા માટે વડાપ્રધાન મોદી અને ભારતીય સેનાને અભિનંદન પાઠવતો પ્રસ્તાવ વિધાનસભા ગૃહમાં સર્વાનુમતે પસાર કરાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતીય સેનાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વમાં ૭ મી મે ૨૦૨૫ ના દિવસે ઓપરેશન સિંદુરને અંજામ આપીને રાષ્ટ્ર વિરોધી તત્વોની નાપાક હરકતોનો જડબાતોડ જવાબ આપ્યો હતો આ ઓપરેશનની સફળતાથી દેશ જન જનની સુરક્ષા અને રાષ્ટ્ર કક્ષાનો મંત્ર પાર પડયો છે.



ઓપરેશન સિંદુરની આ સફળતા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દેશની સેનાને અભિનંદન આપતો પ્રસ્તાવ મુખ્યમંત્રી અને ગુજરાતના વિધાનસભા ગૃહના નેતા ભુપેન્દ્ર પટેલે ૧૫ મી ગુજરાત વિધાનસભાના ૭ મા સત્રના બીજા દિવસે વિધાનસભા ગૃહમાં રજુ કર્યો હતો.

તેમણે આ પ્રસ્તાવ રજુ કરતા સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે ઓપરેશન સિંદુરની સફળતાને પગલે ૧૪૦ કરોડ દેશવાસીઓ અને વિશ્વના અનેક દેશોએ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વની જે પ્રશંસા કરી છે તેમાં ગુજરાત વિધાનસભા પણ પોતાનો સુર પુરાવે છે. મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે આપણી સેનાએ પાર પાડેલુ આ ઓપરેશન સિંદુર માત્ર સૈન્ય કાર્યવાહી નથી પરંતુ ત્રાસવાદ, આતંકવાદ સામેના દાયકાઓના લાંબા સંઘર્ષ અને વડાપ્રધાનની આતંકવાદ સામેની ૦ ટોલરન્સ ની નીતિમાં નિર્ણાયક અને ઐતિહાસિક મોડ છે. ગૃહના નેતા ભુપેન્દ્ર પટેલે આભાર પ્રસ્તાવની ચર્ચાનો પ્રારંભ કરતા કહ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશા દેશના નાનામાં નાના માનવીનો ખ્યાલ રાખીને શિક્ષા, સ્વાસ્થ્ય અને સુરક્ષાને પ્રાથમિકતા આપી છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે બેટી બચાવો બેટી પઢાવો અભિયાન અને નવી શિક્ષણનીતીથી તેમણે શિક્ષણનો કાયાકલ્પ કર્યો છે. ગરીબ અને સામાન્ય વર્ગના પરીવારો માટે વિશ્વની સૌથી મોટી જન આરોગ્ય યોજના, આયુષ્યમાન ભારત પીએમ જન આરોગ્ય યોજના શરૂ કરીને સ્વાસ્થ્ય સુરક્ષા આપી છે.

દેશની સુરક્ષા અને જન જનની રક્ષાને પણ તેમણે એટલી જ અહેમીયત આપીને એ માટે પણ અનેક ઐતિહાસિક અને હિંમતપૂર્વકના પગલા ભર્યા છે. ઓપરેશન સિંદુર આવુ જ એક ઐતિહાસિક કદમ છે એવુ તેમણે કહ્યુ હતુ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે જો પોલીટીકલ વીલ હોય અને નેશનલ સીકયુરીટી રાષ્ટ્રહિત સર્વોપરીની ભાવના હોય તો દેશ વિરૂધ્ધની કોઈપણ નાપાક હરકતોનો જડબાતોડ જવાબ આપી શકાય તે વડાપ્રધાનના નેતૃત્વએ પુરવાર કર્યુ છે.

# સાબરકાંઠા જિલ્લાનુ ગૌરવ વધારનાર બંને શિક્ષિકાઓનુ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સન્માન કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

શિક્ષક દિવસ નિમિત્તે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે શિક્ષણ ક્ષેત્રે વધુને વધુ સાયુજય સાધીને બાળકોને અદ્યતન ટેકનોલોજી સાથેનુ સમયને અનુકુળ શિક્ષણ આપી શકાય એ માટે રાજયમાં શિક્ષણ ક્ષેત્રે આગવુ યોગદાન-વિશિષ્ટ કાર્ય કરનાર વિવિધ ૧૯ જિલ્લાના અંતરીયાળ વિસ્તારના ૩૭ શિક્ષકો અને સારસ્વતોને તેમના નિવાસસ્થાને આમંત્રીને પ્રથમવાર પ્રેરણા સંવાદ યોજી સન્માનપત્ર આપીને સન્માનિત કર્યા હતા. જેમાં સાબરકાંઠા જિલ્લાની બે શિક્ષિકાઓને પણ આમંત્રીત કરવામાં આવી હતી જે સાબરકાંઠા જિલ્લા માટે ગૌરવની વાત છે. સાબરકાંઠા જિલ્લો શિક્ષકોની ફેકટરી ગણાય છે. રાજયનો કોઈ ખુણો કોઈ ગામ એવુ નહી હોય જયાં સાબરકાંઠાનો શિક્ષક નહી હોય, આ સન્માનિત શિક્ષિકાઓનુ જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરાએ સન્માન કર્યુ હતું.





સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાની ચીઠોડા-૧ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ઉર્મિલાબેન લખમાજી ડોડીયાર અને પોશીના તાલુકાની દેમતીમેરા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા સુ.શ્રી ઉન્નતીબેન મુકેશભાઈ પટેલને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે શિક્ષકદિન નિમિત્તે પ્રેરણા સંવાદમાં જોડાવવાનુ સન્માન મળ્યુ હતું. કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીએ આ બંને શિક્ષિકાઓનુ સન્માન કરી તેમના કારકિર્દીના અનુભવો અંગે ચર્ચા કરી હતી તેમજ આદિજાતિ વિસ્તારમાં કામ કરતા હોવાથી તેમને અનુભવેલી ચેલેન્જ અંગે પણ ચર્ચા કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીના પ્રેરણા સંવાદ અંગે પણ ચર્ચા કરી હતી. જેમાં બંને શિક્ષિકાઓએ જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રી સાથે પ્રેરણા સંવાદ તેમના જીવનનો સૌથી યાદગાર પ્રસંગ બની રહ્યો છે. આદિજાતિ વિસ્તારમાં છેવાડાની શાળામાં કામ કરતા હોવાથી કયારેય પણ વિચાર્યુ ન હતુ કે અમારા કામની નોંધ મુખ્યમંત્રી સુધી લેવાશે અને તેમને રૂબરૂ મળવાનુ અને ચર્ચા કરવાનો અવસર અમને મળશે.

વધુમાં તેમણે કહ્યુ હતુ કે મુખ્યમંત્રી સાથે પ્રેરણાસંવાદ ખરેખર ખુબ જ પ્રેરણાદાયી સંવાદ હતો, મુખ્યમંત્રીએ ઉપસ્થિત સૌ શિક્ષકોને શાંતિથી સાંભળ્યા અને અમારા કામની પ્રશંસા કરી હતી જે અમારા માટે સૌથી વધુ ગૌરવની બાબત છે, મુખ્યમંત્રીની સહજતા અને સરળતા આ સંવાદનમાં અમે રૂબરૂ અનુભવી હતી. કલેકટરે બંને શિક્ષિકાઓને અભિનંદન પાઠવ્યા હતા અને તેમની કામગીરીને બિરદાવી ભવિષ્યમાં આવા જ ઉત્સાહથી કામ કરવા સુભેચ્છા પાઠવી હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ બંને શિક્ષિકાઓને અભિનંદન પાઠવી સાબરકાંઠા જિલ્લા પંચાયત દ્વારા તેમની શાળામાં ખુટતી તમામ મદદ કરવા આશ્વાસન આપ્યુ હતું. આ સન્માન સમારોહમાં અધિક નિવાસી કલેકટર સુ શ્રી કિષ્ણા વાઘેલા, પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી કેયુર ઉપાધ્યાય, પોશીના ટીપીઓ અસારી, પોશીના કેળવણી નિરીક્ષકશ્રી નરેન્દ્ર પટેલ જોડાયા હતા.

# ઉમેદવારોના હિતમાં જાહેર સુચના : આંગણવાડી કાર્યકર અને તેડાગરની ભરતી બાબતે જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરાની અપીલ



પ્રતિનિધિ,ગાંધીનગર

આઈસીડીએસ, જિલ્લા પંચાયત સાબરકાંઠાના આંગણવાડી કેન્દ્રો માટે આંગણવાડી કાર્યકર / તેડાગરની વર્ષ ૨૦૨૫-૨૬ ની ભરતી માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે.

આ સમગ્ર ભરતી પ્રક્રિયા ઓનલાઈન છે તેમજ મેરીટ પણ ઓનલાઈન ઓટોજનરેટેડ (સોફટવેરના માધ્યમથી જાતે જ ગણતરી થઈ મેરીટ બનશે ) છે. આથી આ જગ્યાઓ માટે અરજી કરનાર ઉમેદવારોના હિતમાં, ઉમેદવારોને લાંચ રૂશ્વત / લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દુર રહેવા સાવધાન કરવામાં આવે છે.

તેમજ પંચાયતના પદાધિકારી / અધિકારી / કર્મચારીના નામે જો કોઈ ઈસમો નોકરી અપાવવાના નામે ઉમેદવારો પાસેથી નાણાં ઉઘરાવતા હોય તો તેવા ઈસમો વિરૂધ્ધ કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરાવવી તથા આવી કોઈ અસામાજિક પ્રવૃત્તિ / છેતરપીડી આપના ધ્યાનમાં આવે તો તરતજ લાંચ રૂશ્વત બ્યુરોના ટોલ ફ્રી નં. ૧૮૦૦ -૨૩૩ -૪૪૪૪ અથવા ૧૦૬૪ ઉપર સંપર્ક કરવા જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા દ્વારા જિલ્લાના ઉમેદવારોને અપીલ કરવામાં આવી છે.

# છેલ્લા બે વરસમાં અમદાવાદ જિલ્લામાં કુલ ૧૧૯ રોજગાર મેળાઓના સફળ આયોજન થકી ૨૦ હજાર કરતા વધુ યુવાઓને રોજગારી મળે : શ્રમ રોજગાર મંત્રી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં રોજગાર મેળા વિશે વિધાનસભા ગૃહમાં માહિતી આપતા શ્રમ રોજગાર મંત્રીએ જણાવ્યુ હતુ કે અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વરસમાં કુલ ૧૧૯ રોજગાર મેળાઓને સફળ આયોજન કરવામાં આવ્યુ છે. આ રોજગાર મેળાઓ થકી ૨૦૧૯૫ યુવાઓને રોજગારી મળી છે.

વધુમાં રોજગાર મંત્રીએ કહ્યુ હતુ કે રાજયના રોજગાર વાંચ્છુઓ માટે રોજગાર વિભાગ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના વરદ હસ્તે અનુબંધમ વેબ પોર્ટલ શરૂ કરવામાં આવ્યુ છે. આ પોર્ટલ પર ઉમેદવારો પોતાના ઘરે બેઠા નોંધણી કરી શકે છે અને નોકરી દાતા તેમની ખાલી જગ્યાઓ ઓનલાઈન નોંધાવી શકે છે. મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે રોજગાર અને તાલીમ નિયામકની કચેરી હેઠળ રાજયમાં ૪૬ રોજગાર કચેરીઓ કાર્યરત છે, રોજગાર વાંચ્છુ ઉમેદવારોને રોજગારીની યોગ્ય તકો મળી રહે તે માટે રાજયની રોજગાર કચેરીઓ ખાતે નામ નોંધણી, ખાલી જગ્યાઓ સામે ઉમેદવારોની ભલામણ, રોજગાર ભરતી મેળા, કારકિર્દી સલાહ અને માર્ગદર્શન જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. વધુમાં તેમણે કહ્યુ હતુ કે અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વરસમાં આઈકામેટ એચઆર ઈન્ડીયા પ્રા.લી., ટાટા મોટર્સ, ઝાઈડસ લાઈફ સાયન્સ લી., યુનિસન ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લી. જેવા વિવિધ નોકરી દાતાઓ દ્વારા યુવાઓને રોજગારી આપવામાં આવે છે.

પેટા પ્રશ્નોના જવાબ આપતા મંત્રીએ કહ્યુ હતુ કે અમદાવાદ જિલ્લાની રોજગારી કચેરી દ્વારા છેલ્લા બે વરસમાં ખાસ જુથો તરીકે દિવ્યાંગો અને મહિલાઓ માટે રોજગાર ભરતી મેળાઓ અલગથી આયોજીત કરવામાં આવ્યા હતા. જેમાં દિવ્યાંગો માટે ૦૭ ભરતી મેળા થકી ૨૭૮ દિવ્યાંગોને તથા મહિલાઓ માટે ૦૨ ભરતી મેળા યોજી ૭૮૪ મહિલાઓને રોજગારી આપવામાં આવી છે.

# શિક્ષણ સહાયક ભરતી ૨૦૨૫ અંતર્ગત ૫૩૨ ઉમેદવારોનું વેઈટિંગ લિસ્ટ જાહેર કરાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી પસંદગી સમિતિ દ્વારા તારીખ ૦૪/૦૯/૨૦૨૫ના રોજ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી વર્ષ-૨૦૨૪ અંતર્ગત કુલ-૨૮૬ ઉમેદવારોનું વેઈટીંગ લિસ્ટ શિક્ષણ વિભાગની વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. આમ કુલ ૫૩૨ ઉમેદવારોનું વેઈટિંગ લિસ્ટ જાહેર કરાયું છે. આજથી રાજયની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી વર્ષ-૨૦૨૪ અંતર્ગત કુલ-૫૩૨ ઉમેદવારોનું વેઈટીંગ લિસ્ટ શિક્ષણ વિભાગની વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. ખાલી જગ્યાઓ પર આગામી સમયમાં શાળા પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેની સંબંધિતોએ નોંધ લેવા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી પસંદગી સમિતિ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# રેલવે કર્મચારીની પુત્રી પૂજા કુમારી, કોમ્બેટ રેસલિંગની ચમકતી સ્ટાર

પશ્ચિમ રેલવેના ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, અમદાવાદમાં કાર્યરત જનરલ આસિસ્ટન્ટ શ્રી મનોજ કુમાર અને શ્રીમતી અંજુ દેવીની પુત્રી પૂજા કુમારીએ કોમ્બેટ રેસલિંગમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ રોશન કર્યું છે. બિહારમાં જન્મેલી પૂજા હાલમાં કર્ણાટકથી એમબીએ કરી રહી છે અને તેણે અમદાવાદ (ગુજરાત)થી પોતાની રમતગમત કારકિર્દીની શરૂઆત કરી હતી. તેણીએ રેસલિંગની તાલીમ પંજાબથી મેળવી હતી.



પૂજાએ એપ્રિલ ૨૦૨૪માં શ્રીલંકામાં યોજાયેલી એશિયન ચેમ્પિયનશિપ અને મે ૨૦૨૪માં નેપાળમાં યોજાયેલી સાઉથ એશિયન ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતીને ભારતીય ધ્વજ ગર્વથી લહેરાવ્યો હતો. તાજેતરમાં, ગોરખપુરમાં યોજાયેલી રાષ્ટ્રીય સ્પર્ધામાં, તેણીએ ફરી એકવાર ગોલ્ડ મેડલ જીતીને લંડનમાં યોજાનારી વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાય કર્યું છે.

પૂજા કહે છે, " મેટ પર ઉતર્યા પછી ફક્ત ગોલ્ડ જ દેખાય છે, પછી ભલે મારી સામે કોઈપણ હોય, તેની આ સફરમાં પરિવાર, ખાસ કરીને તેના પિતા શ્રી મનોજ કુમાર અને કોચ મોનિકાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

ગોરખપુરમાં યોજાયેલી આ રાષ્ટ્રીય સ્પર્ધામાં ૪૦૦ થી વધુ ખેલાડીઓની હાજરીમાં પૂજા સહિત ઘણા સ્પર્ધકોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ અવસરે રમતપ્રેમીઓએ ઓલિમ્પિકમાં કોમ્બેટ રેસલિંગનો સમાવેશ કરવાની તેમની માંગનો પણ પુનરોચ્ચાર કર્યો હતો .

પૂજા કુમારીની આ સિદ્ધિ માત્ર રેલવે પરિવાર માટે જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે ગર્વની વાત છે.

# ખેડુતોની વ્હારે આવ્યુ કિસાન સંઘ : ખેડુતોને તાત્કાલીક વળતર ચુકવવુ જોઈએ: કિસાન સંઘ

પ્રતિનિધિ,ગાંધીનગર

તાજેતરમાં થયેલા ભારે વરસાદને કારણે રાજયના વિવિધ ભાગોમાં ખેતી અને માળખાકીય સુવિધાઓને વ્યાપક નુકશાન થયુ છે. આ પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતીય કિસાન સંઘે તાત્કાલીક રાહત અને સહાય માટે રાજય સરકારને રજુઆત કરી છે.

કિસાન સંઘના મહામંત્રી આર કે પટેલે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે વરસાદથી ખેડુતોના ખેતરોમાં પાક ધોવાઈ ગયો છે. જેના કારણે તેમને ભારે નુકશાન વેઠવુ પડયુ છે આ ઉપરાંત અનેક રસ્તાઓ પણ ધોવાઈ ગયા છે. જેનાથી ગ્રામીણ વિસ્તારોમાં અવર જવર ખોરવાઈ ગઈ છે. કિસાન સંઘે માંગ કરી છે કે આ નુકશાની અંગે તાત્કાલીક સર્વે કરવામાં આવે જેથી અસરગ્રસ્ત ખેડુતોને યોગ્ય વળતર આપી શકાય, કિસાન સંઘે વધુમાં જણાવ્યુ હતુ કે ભારે વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં વિજળીનો પુરવઠો પણ ખોરવાઈ ગયો છે. જેનાથી સામાન્ય જનજીવન પ્રભાવિત થયુ છે, કિસાન સંઘે સ્વીકાર્યુ હતુ કે સરકાર આ પરીસ્થિતિને પહોચી વળવા માટે એકશન મોડમાં આવી છે અને રાહત કાર્યો શરૂ કર્યા છે જો કે તેમનુ કહેવુ છે કે નુકશાનનુ પ્રમાણ ખુબ મોટુ હોવાથી રાહત અને સર્વેની કામગીરી વધુ ઝડપી બનાવવી જરૂરી છે. આ માટે સરકારે વધુ ટીમો મોકલીને અસરગ્રસ્ત વિસ્તારોમાં કામગીરી વેગવંતી કરવી જોઈએ. કિસાન સંઘના મતે આ સંકટના સમયમાં સરકારે ખેડુતો અને સામાન્ય નાગરીકોની પડખે ઉભા રહેવુ જોઈએ.

ભારતીય કિસાન સંઘે રજુઆતમાં ભાર મુકતા કહ્યુ હતુ કે નુકશાનીનો સર્વે માત્ર કાગળ પર ન થવો જોઈએ, પરંતુ વાસ્તવિક પરીસ્થિતિનુ મુલ્યાંકન કરવુ જોઈએ, તેમણે માંગ કરી હતી કે નુકશાની ગ્રસ્ત ખેડુતોને પાક વિમા અને અન્ય સરકારી યોજનાઓ હેઠળ તાત્કાલીક સહાય ચુકવવામાં આવે, સંઘે આશા વ્યકત કરી છે કે સરકાર તેમની રજુઆતને ગંભીરતાથી લેશે અને ઝડપી પગલા ભરશે જેથી ખેડુતોને આર્થિક મુશ્કેલીમાંથી બહાર લાવી શકાય, આ ઉપરાંત ભવિષ્યમાં આવા નુકશાનને અટકાવવા માટે યોગ્ય આયોજન કરવા પણ સુચન કર્યુ છે.

# ગાયને અડફેટમાં લેનાર કારચાલકનો ઘર સુધી પીછો કરી હુમલો કર્યો

## કારચાલકને પિતા પુત્રએ ઘર સુધી આવીને માર મારતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા,

ન્યુ સમા રોડની શિવમ સોસાયટીમાં રહેતા સિનિયર સિટીઝન ગિરીશભાઈ મુલાણીએ પોલીસને કહ્યું છે કે, તા.૭ ની રાત્રે મારા ઘરની બહાર મારા પુત્ર સંદીપને તત્ત્વર્થ ગોલાણી (પૂજ્ય પાર્ક સોસાયટી, શિવમ સોસાયટી ગાર્ડન પાસે,ન્યુ સમા રોડ) મારતો હતો. જેથી હું બચાવવા માટે દોડી જતા મને પણ ગાળો દીધી હતી અને ધમકી આપી ઝપાઝપી કરી હતી.

આ વખતે તત્વર્થના પિતા અલ્કેશભાઈ પણ આવી ગયા હતા અને ધાક ધમકી આપી હતી. આ દરમિયાન મારો પુત્ર ઘરની અંદર જતા રહેતા તત્વર્થ તેની પાછળ ઘર સુધી ગયો હતો અને દરવાજાને લાત મારી ગાળો દીધી હતી. બંને પિતા પુત્ર એ ઘર સળગાવી દઈશું અને ઘરના કાચ તોડી મારી નાખીશું તેવી ધમકી આપી હતી.

ગીરીશભાઈએ કહ્યું છે કે, મારો પુત્ર કાર લઈને આવતો હતો ત્યારે શિવમ ગાર્ડન પાસે ગાય સાથે અકસ્માત થતા આ બનાવ બન્યો હતો.

પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

પાર્સલ સ્પેસ ભાડે આપવા માટે ઈ-ઓક્શન

અમદાવાદ ડિવિઝન ઉપરથી ઉપડતી પેસેન્જર કેરિયર ટ્રેનોમાં પાર્સલ સ્પેસ ભાડે આપવા માટે ઈ-ઓક્શન મંગાવવામાં આવ્યું છે. કેટલોગ IREPS વેબસાઇટ પર પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવ્યો છે.વિગતો નીચે મુજબ આપવામાં આવી છે

| કેટલોગ નંબર | કોન્ટ્રાક્ટનો પ્રકાર | શ્રેણી | ઈ-ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|---|
| Lease-ADI -16-25 | પાર્સલ | પાર્સલ-SLR અને પાર્સલ વાન | બધા લોટ માટે ઈ-ઓક્શન 25.09.2025 ના રોજ સવારે 10:00 વાગ્યે શરૂ થશે. |
| Lease-ADI -17-25 | પાર્સલ | પાર્સલ-SLR | બધા લોટ માટે ઈ-ઓક્શન 23.09.2025 ના રોજ 10:00 કલાકે શરૂ થશે અને 24.09.2025 ના રોજ 10:40 કલાકે સમાપ્ત થશે |

**નોંધ:** સંભવિત બિડર્સને IREPS **વેબસાઇટ (www.ireps.gov.in)** પર ઈ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળ લોટ-વાઈઝ વિગતો ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઓફ પિરિયડ 30 મિનિટ છે. ક્રમિક લોટ ક્લોઝિંગ અંતરાલ 10 મિનિટ છે. લોટ-વાઈઝ ક્લોઝિંગ સમય IREPS ના ઈ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે.

ADI 155

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# નર્મદા જિલ્લામાં ૧૬ સપ્ટેમ્બરના તમામ તાલુકા મથકોએ રક્તદાન શિબિર યોજાશે



રાજપીપલા,

નર્મદા જિલ્લામાં આગામી તારીખ ૧૬ સપ્ટેમ્બરના રોજ યોજાનાર રક્તદાન મહાશિબિરના આયોજન અંગે કલેક્ટર શ્રી એસ.કે. મોદીજીની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે મહત્વપૂર્ણ યોજના બેઠક યોજાઈ હતી.

નર્મદા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સિકલસેલ એનિમિયા, થેલેસેમિયા, ગર્ભવતી મહિલાઓ, કેન્સર સહિત આકસ્મિક તબક્કાઓમાં જરૂરી થતું લોહી ઉપલબ્ધ થાય તે હેતુથી અને માનવતાવાદી અભિયાનના ભાગરૂપે તારીખ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ રાજ્યભરમાં આયોજિત મહારક્તદાન અભિયાન અંતર્ગત વિશાળ પાયે રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ અભિયાન અંતર્ગત રાજ્યભરના ૩૦૦ થી વધુ સ્થળોએ એક લાખથી વધુ યુનિટ લોહી એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. નર્મદા જિલ્લામાં પણ દરેક તાલુકા મથકે રક્તદાન કેમ્પ યોજાશે. જિલ્લામાં કુલ પાંચથી વધુ સ્થળોએ નાંદોદ તાલુકામાં જીએમઈઆરએસ-સિવિલ હોસ્પિટલ, ગરુડેશ્વર તાલુકામાં ટ્રોમા સેન્ટર, તિલકવાડામાં ૐ, દેડિયાપાડામાં ઈનરેકા સંસ્થાના ટીમ્બાપાડા અને સાગબારા તાલુકામાં સેલંબા હાઈસ્કૂલ સેલંબા ખાતે સવારે ૮=૦૦ થી સાંજે ૬=૦૦ કલાક દરમિયાન રક્તદાન શિબિરો યોજાશે. જેમાં કુલ ૨૫૦૦થી વધુ યુનિટ લોહી એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

કલેક્ટરશ્રીએ તમામ વિભાગોને રક્તદાતાઓને પ્રોત્સાહન આપવા, લોકોમાં જાગૃતિ ફેલાવવા અને આયોજનના સુચારૂ સંચાલન માટે ચોકસાઈ પૂર્વક કામગીરી કરવા સૂચના આપી હતી. આ મહારક્તદાન અભિયાનમાં નર્મદા જિલ્લાના તમામ નાગરિકો, યુવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સમાજ સેવકોને વિશાળ પ્રમાણમાં ભાગ લેવા અપીલ કરી છે. જેથી માનવ જીવન બચાવવાનો યથાશક્તિ યોગદાન આપી શકાય.

આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ, આરોગ્ય વિભાગ, રક્તદાન સંસ્થાઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયના કુલ ૯૧ લાખ ઘરોને નળ કનેકશનથી જોડવામાં આવ્યા : જળ સંપત્તિ મંત્રી



પ્રતિનિધિ,ગાંધીનગર

વિધાનસભા ગૃહમાં જલ જીવન મિશન અને નલ સે જલ યોજના વિશે માહિતી આપતા રાજયના જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યુ હતુ કે અત્યાર સુધીમાં રાજયના કુલ ૯૧ લાખ ઘરોને નળ કનેકશનથી જોડવામાં આવ્યા છે. જે અંતર્ગત જુથ યોજનામાં લગભગ તમામ ગામોની ઓકટોબર ૨૦૨૨ સુધીમાં આંતરીક વિતરણ વ્યવસ્થાની કામગીરી પુર્ણ કરવામાં આવી છે.

જયારે બાકી રહેતા કામોમાં પણ રાજય સરકારની ગ્રાન્ટમાંથી કામગીરી હાલ ચાલુ છે તેવુ મંત્રીએ કહ્યુ હતુ, જલ જીવન મિશન અંતર્ગત નલ સે જલ યોજના હેઠળ રાજયના દરેક ઘર સુધી પાણી પહોંચાડવાનુ સરકારનુ લક્ષ રહેલુ છે. આ અંગે મંત્રીએ કહ્યુ હતુ કે ૧૫ ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ વડાપ્રધાને જળશકિત મંત્રાલય-જલ જીવન મિશન, નલ સે જલ યોજના ની જાહેરાત કરી હતી. તે અગાઉ રાજયમાં આંતરીક પેય જળ વ્યવસ્થા, સેકટર રીફોર્મ પાયલોટ પ્રોજેકટ અને વર્ષ ૨૦૦૨ માં આંતરીક પેય જળ વ્યવસ્થાના ભાગરૂપે વાસ્મો(વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન ) ની રચના કરી હતી. ગ્રામ પંચાયત સુધીની વિવિધ વ્યવસ્થા કરી હતી. ત્યારબાદ ૧૦ ટકા લોક ભાગીદારીથી સ્વજલ ધારા અને સેકટર રીફોર્મ યોજના અને વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૯ સુધી રાષ્ટ્રીય ગ્રામીણ પેય જળ યોજનાની નવી ગાઈડ લાઈન સાથે વાસ્મો મારફતે સમગ્ર રાજયમાં કામગીરી કરવામાં આવી હતી.

આ પ્રકારે રાજયના કુલ ૯૧ લાખ ઘર પૈકી ૬૫ લાખ ઘર એટલે કે ૭૧ ટકા નળ કનેકશનની કામગીરી પુર્ણ કરવામાં આવી હતી. જયારે ૨૦૧૯ થી જલ જીવન મિશન, નલ સે જલ યોજનાના અમલબાદ વર્ષ ૨૦૨૪ સુધીમાં બાકીના ૨૬ લાખ ઘરોમાં પણ નવા નળ કનેકશન આપવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે ગ્રામીણ વિસ્તારોમાં નળ જોડાણ માટે કુલ ખર્ચના ૧૦ ટકા લોકફાળા રૂપે એકત્ર કરવામાં આવતા હતા, પરંતુ ભૌગોલિક સ્થિતિને કારણે બાકી રહી ગયેલા, ખાસ કરીને આદિજાતિ વિસ્તારોમાં, જયાં પંચાયત / પાણી સમિતિની આર્થિક સ્થિતિ નબળી હોય તેવા આદિજાતિ વિસ્તારો માટે ૧૦ ટકા લોકફાળો રાજય સરકારે ભોગવી આ કામગીરી કરવામાં આવી છે. એટલુ જ નહી આદિજાતિ વિસ્તારોમાં ઘરો છુટા છવાયા હોય શરૂઆતમાં ૨૦ ઘરોનુ કલસ્ટર બનાવીને અને છેલ્લે ૧૦ ઘરોના કલસ્ટરને જોડીને પણ નલ સે જલ હેઠળ આંતરીક વિતરણ વ્યવસ્થાની કામગીરી કરી છે. ઉપરાંત પાણીના સોર્સને ટકાઉપણા માટે જુથ યોજનાઓના મજબુતી કરણ અને સરફેસ સોર્સ માટે બલ્ક પાઈપ લાઈનના કામો હાથ ધરવામાં આવ્યા છે.


જલ જીવન મિશન કાર્યક્રમ અંતર્ગત મહિસાગર જિલ્લામાં મળેલ ફરીયાદો અંગેની કાર્યવાહી વિશે માહિતી આપતા મંત્રીએ કહ્યુ હતુ કે મહિસાગર જિલ્લામાં કુલ ૭૧૪ ગામો પૈકી ૬૮૦ ગામોમાં ઘરે ઘરે નળ માટેની જરૂરી કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી અંગેની ફરીયાદો અંગે ૬૩૦ ગામડાઓમાં તપાસ કરાતા અનિયમિતતાઓ ધ્યાને આવતા ૧૧૨ એજન્સીઓને ડીબાર્ડ કરવામાં આવેલ છે જયારે ૧૨૨ એજન્સી તેમજ ૪૧ પાણી સમિતિ સામે રીકવરીના આદેશ કરીને આજદીન સુધીમાં રૂપીયા ૨.૯૭ કરોડની વસુલાત કરવામાં આવી છે. તદ ઉપરાંત ૧૨ જેટલા કર્મચારીઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી છે.

# શિક્ષણના ખાનગીકરણ અને ભ્રષ્ટાચારના વિરોધમાં સૌરાષ્ટ્ર યુનિર્વસિટી સામે કોંગ્રેસ-એનએસયુઆઈ ના દેખાવો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં શિક્ષણના ખાનગીકરણ અને ભ્રષ્ટાચાર વિરૂધ્ધ કોંગ્રેસ દ્વારા ગુજરાત શિક્ષણ બચાવો આંદોલનનો આજે મંગળવારથી પ્રારંભ થયો છે. સૌરાષ્ટ્ર યુનિર્વસિટીમાં આજે મંગળવારે પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ ડો. ઈન્દ્ર વિજયસિંહ ગોહિલની આગેવાની હેઠળ વિરોધ પ્રદર્શીત કરાયો હતો. આ મામલે એનએસયુઆઈ ના કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઝપાઝપી સર્જાતા યુનિર્વસિટીના ગેટનો કાચ તુટયો હતો. પોલીસે કોંગ્રેસ અને એનએસયુઆઈના ૫૦ થી વધુ કાર્યકરોની અટકાયત કરી હતી. દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કુલપતિ ડો. ઉત્પલ જોશી પોતે આવેદનપત્ર સ્વીકારવા માટે બહાર આવ્યા હતા. કોંગ્રેસ દ્વારા શિક્ષણના ખાનગીકરણ અને શિક્ષણમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર વિરૂધ્ધ આજે મંગળવારથી લડતનો પ્રારંભ કર્યો છે. યુનિર્વસિટીમાં વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ હોય, કોંગ્રેસ અને એનએસયુઆઈના મોટી સંખ્યામાં કાર્યકરો એકઠા થયા હતા. પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખી ડો. ઈન્દ્ર વિજયસિંહ ગોહિલની આગેવાની હેઠળ વિરોધ પ્રદર્શિત કરાયો હતો. આ સમયે એનએસયુઆઈના કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઝપાઝપી સર્જાતા યુનિર્વસિટીના ગેટનો કાચ તુટયા બાદ કુલપતિ ડો.ઉત્પલ જોશી પોતે આવેદનપત્ર સ્વીકારવા બહાર આવ્યા બાદ એનએસયુઆઈના કાર્યકર્તાઓએ મુખ્ય બિલ્ડીંગના ગેટમાં અંદર પ્રવેશવાનો બળજબરીપૂર્વક પ્રયાસ કરવામાં આવતા પોલીસ સાથે ઘર્ષણ થયુ હતું અને તેને કારણે મુખ્ય દરવાજાનો કાચ તુટી ગયો હતો અને ત્યારબાદ કોંગ્રેસ કાર્યકરો અને પોલીસ કર્મીઓ ભારે ઘર્ષણ સર્જાયુ હતું જેથી પોલીસે કોંગ્રેસ અને એનએસયુઆઈના ૫૦ થી વધુ કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. ગુજરાતના કાર્યકારી પ્રદેશ પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલે જણાવ્યુ હતુ કે ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે વ્યાપક ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. રાજયમાં આવેલી ખાનગી યુનિર્વસિટીઓ કે જે ભુતિયા યુનિર્વસિટીઓ છે, જયાં એડમીશન લો અને ડીગ્રી લઈ જાઓ તે પ્રકારની પ્રક્રિયા ચાલે છે અને તેનાથી સરકારી યુનિર્વસિટીઓને ખતમ કરવાનુ કામ ચાલી રહ્યુ છે. સૌરાષ્ટ્ર યુનિર્વસિટીમાં ૧૦ કરોડનો હોલ ૧૦ વરસે પણ તૈયાર થતો નથી, દાતાઓ દ્વારા સૌરાષ્ટ્ર યુનિર્વસિટી ને જમીન મળેલી છે પરંતુ તેની આજુબાજુ અસામાજિક તત્વોનુ દબાણ જોવા મળે છે. કેમ્પસની આજુબાજુ ડ્રગ્સ જેવા દુષણોનો કાળો કારોબાર ચાલે છે. સૌરાષ્ટ્ર યુનિર્વસિટીમાં પ્રવેશ, પરીક્ષા, પરીણામ અને ડીગ્રીમાં ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. આ ઉપરાંત કાયમી ભરતીના બદલે કોન્ટ્રાકટ આધારીત ભરતી કરવામાં આવે છે. પરીક્ષાના પરીણામ મોડા જાહેર થાય છે અને અનેક છબરડાઓ બહાર આવે છે. ગુજરાત કોમન યુનિર્વસિટી એકટ એ રાજયની સરકારી યુનિર્વસિટીઓ વેચવાનુ કાવતરૂ છે. કાયમી ભરતી કરવાને બદલે ખાનગીકરણ કરવામાં આવે છે. ફી ચુકવી વિદ્યાર્થીઓને લુંટાવુ પડે છે, ૧૦ વરસથી વધુ સમયથી ગુજરાતમાં શારીરિક શિક્ષણના શિક્ષક, સંગીત, ચિત્ર અને કોમ્પ્યુટરના શિક્ષક તેમજ લાઈબ્રેરીયનની ભરતી થતી નથી, ગુજરાતમાં ભાજપના ૩૦ વરસના શાસનમાં શિક્ષણ ખાડે ગયુ છે.

# માહિતી ન આપતા AMC અધિકારી મિનાક્ષી દરજીને ૨૦૦૦ દંડ, પગારમાંથી કપાતનો આદેશ




અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના નરોડા દક્ષિણ વોર્ડ, ઉત્તર ઝોનના જાહેર માહિતી અધિકારી અને ટાઉન ડેવલપમેન્ટ ઈન્સ્પેક્ટરે અરજદાર જીતેન્દ્રકુમાર લાભશંકર રવિયાને માંગ્યા મુજબની માહિતી આપવામાં અને આયોગને યોગ્ય સંતોષકારક ખુલાસો કરવામાં બેદરકારી દાખવતા ગુજરાત માહિતી આયોગે તેમને બે હજારનો દંડ ફટકાર્યો હતો અને જો દંડની રકમ જમા ન કરે તો ૧૫મી ઓગસ્ટ સુધીમાં તેમના પગારમાંથી કાપી લઈ આયોગમાં જમા કરાવવાનો પણ આદેશ કર્યો છે.

ફરિયાદી જીતેન્દ્રકુમાર લાભશંકર રવિયા દ્વારા ગુજરાત માહિતી આયોગમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. નરોડા દક્ષિણ વોર્ડ, ઉત્તર ઝોનના કચેરીના માહિતી અધિકારીએ અરજદારે જે મિલકતની માહિતી માંગી હતી તે અધુરી અને અપુરતી માહિતી આપવામાં આવી હતી. તેમજ ફરી ચકાસણી કરી, ખુલસો કરી માહિતી આપવા હુકમ કરવામાં આવ્યો હતો. ત્યારે ફરી માહિતી અધિકારી સુનાવણી વખતે હાજર રહ્યા ન્હોતા અને તેમના પ્રતિનિધિ ને હાજર કરી કોઈ ખુલાસો કર્યો ન્હોતો. ગુજરાત માહિતી આયોગમાં ફરિયાદીએ જાહેર માહિતી અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી અરજીમાં જે મિલકતની માહિતી માંગવામાં આવેલ છે તે પુરતી નહીં હોવાનું અને અધુરી હોવાનું જણાવેલ છે. તેમજ ફરિયાદીએ આક્ષેપ કરતાં જણાવ્યું કે જાહેર માહિતી અધિકારીએ ઈરાદાપૂર્વક સાચી માહિતી આપવામાં આવેલ નથી અને સંતોષકારક જવાબ આયોગને આપેલ નથી. ફરિયાદના આક્ષેપો અન્વયે માહિતી અધિકારીના પ્રતિનિધી કોઈ રજૂઆત ન કરતાં જાહેર માહિતી અધિકારીએ ફરીયાદીને માંગ્યા મુજબની માહિતી આપવામાં અને આયોગને સંતોષકારક ખુલાસો કરવામાં બેદરકારી દાખવવા બદલ આયોગે જાહેર માહિતી અધિકારી અને ટાઉન ડેવલપમેન્ટ ઈન્સ્પેક્ટર, નરોડા દક્ષિણ વોર્ડ, ઉત્તર ઝોન અધિકાર સુશ્રી મિનાક્ષીબેન જી. દરજી ને બે હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. દંડની રકમ તેઓએ પોતાના પગાર/ભંડોળમાંથી ભરપાઈ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે અંગદાન મહાદાન જનજાગૃતિ અભિયાનને વેગવંતુ બનાવવા તબીબો, નર્સિંગ સ્ટાફ અને આરોગ્યકર્મીઓએ અંગદાન શપથ ગ્રહણ કર્યા





અમદાવાદ

અમદાવાદ સિવિલ હોસ્પિટલ થકી સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ ૨૧૨ બ્રેઈનડેડ લોકોના અંગદાનથી ૭૦૦ થી વધુ લોકોને જીવદાન મળ્યું છે ત્યારે અંગદાન મહાદાન જનજાગૃતિ અભિયાનને વેગવંતુ બનાવવાના હેતુ સાથે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે અસ્મિતા ભવન હોલમાં અસારવાના ધારાસભ્ય દર્શનાબેન વાઘેલા, લિંબાયતના ધારાસભ્ય સંગીતાબેન પાટીલની પ્રેરક ઉપસ્થિતિમાં ‘અંગદાનથી જીવનદાન’ના સંદેશ સાથે તબીબો, નર્સિંગ સ્ટાફ અને આરોગ્યકર્મીઓએ અંગદાન શપથ ગ્રહણ કર્યા હતા. સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.રાકેશ જોષી, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, નગરસેવકો, વોર્ડના પ્રમુખો, સિવિલ હોસ્પિટલ, યુ.એન. મહેતા કાર્ડિયાક હોસ્પિટલ, આઈ.કે.ડી. કિડની હોસ્પિટલ, કિડની ઈન્સ્ટિટ્યુટના ૩૫૦ થી વધુ નર્સિંગ સ્ટાફ, સફાઈકર્મીઓ, વિદ્યાર્થીઓએ અંગદાનના શપથ ગ્રહણ કર્યા હતા અને અંગદાનને જનઆંદોલન બનાવવા પ્રેરણા મેળવી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલે એક પરિવારની માફક અંગદાન ક્ષેત્રે કાર્ય કરી સમગ્ર દેશમાં ઓર્ગન ડોનેશન ક્ષેત્રમાં નામના મેળવી છે. તેમણે અમદાવાદ પ્લેન ક્રેશની દુર્ઘટનામાં સિવિલ હોસ્પિટલના નર્સિંગ અને તબીબોની સેવાઓને બિરદાવી હતી. પોતાના વિધાનસભા વિસ્તારમાં આવેલી એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ અનેક આરોગ્ય સુવિધા અને સંસાધનોથી સજ્જ છે, ત્યારે દર્દીઓ અને સિવિલ હોસ્પિટલના પ્રશાસન સાથે કોઈપણ જરૂરિયાત અને સેવાકાર્ય માટે તત્પર હોવાનું જણાવી અંગદાનના કિસ્સામાં જાતે બ્રેઈનડેડ વ્યક્તિના પરિજનોના કાઉન્સેલિંગ માટે સિવિલ હોસ્પિટલમાં આવતા હોવાનું ગર્વ સાથે જણાવ્યું હતું.

લિંબાયતના ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે જણાવ્યું હતું કે, અંગદાન સૌથી મહાન દાન છે. અમદાવાદ સિવિલમાં અંગદાન પ્રવૃત્તિઓને બિરદાવી સુરત સિવિલ હોસ્પિટલમાં ૭૭ બ્રેઈનડેડ લોકોના અંગદાનથી ૨૦૦ થી વધુ લોકોને નવજીવન મળ્યું હોવાનું જણાવી દર વર્ષે અચૂકપણે પોતાનો જન્મદિવસ પણ સુરતની નવી સિવિલ હોસ્પિટલના દર્દીઓની સાથે સેવાકીય પ્રવૃત્તિ તેમજ રક્તદાન કેમ્પો યોજીને ઉજવણી કરતા હોવાનું જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે,વડાપ્રધાનશ્રીના ટીબીમુક્ત ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં અમે પ્રયાસરત છીએ. ટીબીના દર્દીઓને પ્રોટીન રિચ ખોરાકની જરૂરિયાતને ધ્યાને લઈ પોષણ કિટસ વિતરણ કરીએ છીએ. અમદાવાદ અને સુરત સિવિલ હોસ્પિટલના સ્ટાફ, સમગ્ર ગુજરાતના અંગદાન ક્ષેત્રે કામ કરતા તબીબો, નર્સિંગ સ્ટાફ, સહકર્મીઓને અંગદાનના સેવાકાર્યમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ અભિનંદન આપ્યા હતા. જેને અંગોની જરૂર છે તેઓને બ્રેઈનડેડના કિસ્સામાં મહત્તમ અંગદાન થાય તે જરૂરી છે એટલે જ અંગદાન પ્રવૃત્તિ જનઆંદોલન બને તે આવશ્યક છે એમ ભારપૂર્વક કહ્યું હતું. ગુજરાત સહિત ત્રણ રાજયથી સારવાર લેવા આવતા દર્દીનારાયણની સેવામાં સમર્પિત અમદાવાદ સિવિલ હોસ્પિટલે અનેક ઓપરેશનો, જટિલ સારવાર, દર્દીઓની મહત્તમ સેવાસારવારના કારણે ગુજરાતમાં આગવી ઓળખ બનાવી હોવાનું શ્રીમતી પાટિલે જણાવ્યું હતું. અને ગુજરાતની દરેક હોસ્પિટલો અને કોલેજોએ અંગદાનની પ્રવૃત્તિમાં જોડાવા આહ્વાન કર્યું હતું. મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.રાકેશ જોષીએ સિવિલ હોસ્પિટલની સેવા અને અંગદાન પ્રવૃત્તિની માહિતી આપી હતી. આ વેળાએ અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રણેતા દિલીપભાઈ દેશમુખના માર્ગદર્શન હેઠળ અંગદાન મહાદાન અભિયાનના પ્રતિનિધિ તરીકે પ્રણવભાઈ મોદીનું પણ બહુમાન કરાયું હતું. અંગદાનના જાગૃત્તિસૂત્રો પ્રિન્ટ કરેલી છત્રીઓ પ્રદર્શિત કરી અંગદાન અંગે ઉપસ્થિત સૌને જાગૃત્ત કરાયા હતા.

ગુજરાત નર્સિંગ કાઉન્સિલના રજિસ્ટ્રાર ડો.પ્રજ્ઞાબેન ડાભીએ ઉપસ્થિત સૌને અચૂક અંગદાનના શપથ લેવડાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સ્વાગત પ્રવચન ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાએ કર્યું હતું. આ પ્રસંગે નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના રજિસ્ટ્રાર ડો.પ્રજ્ઞાબેન ડાભી, નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ હિતેન્દ્ર ઝાખરીયા, નવનિયુક્ત નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ રોમાંચ ઉપાધ્યાય સહિત નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટસ, નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ, નગરસેવકો, નર્સિંગ યુનિયનના પ્રમુખ દેવીબેન દાફડા, નર્સિંગ એસો. શૈલેષ નાઈ, હેમદીપ પટેલ, ધિરેન દાફડા, નર્સિંગ કોલેજના આચાર્ય હિરલબેન શાહ સહિત મોટી સંખ્યામાં સ્ટાફ નર્સ, હેડ નર્સ, નર્સિંગ કોલેજના ફેકલ્ટી. યુ.એન. મહેતા હોસ્પિટલ અને કિડની હોસ્પિટલના સ્ટાફગણ, નર્સિંગ એસો.ની ટીમ ઉપસ્થિત રહી હતી.

# ગુજરાત સહિત અન્ય રાજયોમાંથી ૧૬ હજાર સ્વયંસેવકો બિહારમાં મોકલવામાં આવશે : આરએસએસ



પ્રતિનિધિ,ગાંધીનગર

બિહારમાં આગામી સમયમાં યોજાનારી વિધાનસભાની ચુંટણી માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પણ સક્રિય બની ગયુ છે અને રાજયમાં હરીયાણા મોડલની જેમ જ દરેક ગામમાં આરએસએસ ના ૧૦ કાર્યકરોની ટીમ કામ કરશે અને તેઓ નવરાત્રીથી છેક ચુંટણીના અંત સુધી બિહારમાં પડાવ નાખીને રહેશે, આ માટે સંઘે ગુજરાત સહિતના રાજયો કે જયાં હિન્દી ભાષા બોલી સંઘ કાર્યકર્તાઓની સંખ્યા વધુ હોય તેઓને આ માટે યાદી મોકલવા જણાવ્યુ છે. અગાઉ આ જ પ્રકારની વ્યુહરચના ભાજપ અને આરએસએસ હરીયાણામાં અને દિલ્હીમાં અપનાવી ચુકયુ છે. સંઘે બિહારને ઉત્તર અને દક્ષિણ એમ બે ભાગમાં વહેચી દીધુ છે. ઉત્તર બિહારનુ કામ મુઝફફરપુર અને દક્ષિણ બિહારનુ કામ પટનાથી ચાલશે, આ માટે કુલ ૧૬ હજાર જેટલા સ્વયંસેવકો બે મહિના માટે સક્રિય રહેશે જે સ્વયંસેવકોને બિહારમાં નિયુકત કરાશે તેમણે રાજયની જનતા અંગે સામાન્ય સહિતની માહિતીઓ અપાશે , તેમને આ વિસ્તારના સોશીયલ મીડીયા અંગે માહિતગાર કરાશે, ખાસ કરીને મતદાર યાદી મુજબ ઘરે ઘરે જઈને વોટરલીસ્ટની ચકાસણી પણ કરશે, એટલુ જ નહી ભાજપની જે પેજ પ્રમુખ ટીમ છે તેની સમાંતર કામ કરશે, જેથી કરીને તેઓનુ કામ ડુપ્લીકેશન ન થાય, ખાસ કરીને ભાજપના કમિટેડ વોટર છે તેને ભાજપ સંભાળશે, જયારે જે મતદાતા દ્વિધામાં છે અથવા આખરી ઘડીએ મતદાન અંગે નિર્ણય લે છે તેઓને મનાવવા માટે આરએસએસની ટીમ કામ કરશે. ખાસ કરીને સરકાર સામે આક્રોશ હોય તો તે દુર કરવા અને મતદારોનો ગુસ્સો સહન કરવાની યોજના બનાવવામાં આવી છે. બિહારમાં મહિલા મતદારો નિર્ણાયક છે અને સંઘે તેમના માટે ખાસ આયોજન કર્યુ છે.

# નેપાળમાં ગુજરાતીઓ ફસાયા : કોંગ્રેસના સાંસદ શકિતસિંહ ગોહિલે કેન્દ્ર સરકારને તાત્કાલીક મદદની અપીલ કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

નેપાળમાં ચાલી રહેલા ઉગ્ર સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનને કારણે ત્યાં ફસાયેલા ભારતીય નાગરીકો માટે ચિંતા વધી છે. આ અરજકતા વચ્ચે ગુજરાતના ૧૮ લોકોનુ એક જુથ પણ કાટમંડુ એરપોર્ટ પર ફસાયુ છે.

આ અંગે કોંગ્રેસના વરીષ્ઠ નેતા અને રાજયસભાના સાંસદ શકિતસિહ ગોહિલે કેન્દ્ર સરકારને તાત્કાલીક મદદ માટે અપીલ કરી છે, તેમણે વડાપ્રધાન કાર્યાલય અને વિદેશ મંત્રીને ટેગ કરીને ફસાયેલા નાગરીકો, જેમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે તેમને સુરક્ષિત રીતે પરત લાવવાની વ્યવસ્થા કરવા વિનંતી કરી છે.



નેપાળમાં રાજકીય અસ્થિરતા અને હિંસક વિરોધ પ્રદર્શનોએ પ્રવાસીઓને મુશ્કેલીમાં મુકી દીધા છે. હજારો લોકો રસ્તા પર ઉતર્યા છે અને સરકારી તંત્ર સંપૂર્ણપણે ઠપ થઈ ગયુ છે. આ પરીસ્થિતિમાં અનેક ભારતીયો ફસાયા છે, જેમાં ખાસ કરીને ગુજરાતના પ્રવાસીઓનો સમાવેશ થાય છે. કોંગ્રેસ નેતા શકિતસિંહ ગોહિલે તેમના સોશીયલ મીડીયા પ્લેટફોર્મ એકસ પર આ મામલે ગંભીર ચિંતા વ્યકત કરી છે, તેમણે જણાવ્યુ કે તેમને કેનન પટેલ નામના એક ગુજરાતી નાગરીકનો ફોન આવ્યો હતો, જેમણે માહિતી આપી હતી કે કાઠમંડુ એરપોર્ટ પર ફલાઈટ સેવાઓ સંપૂર્ણપણે બંધ છે. તેમની સાથે ૧૮ ગુજરાતીઓનુ એક જુથ પણ ફસાયેલુ છે. જેમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે.

શકિતસિહ ગોહિલે તાત્કાલીક વડાપ્રધાન કાર્યાલય અને વિદેશ મંત્રી એસ. જયશંકરને ટેગ કરીને ભારતીય નાગરીકોને સુરક્ષિત રીતે પરત લાવવા માટે વ્યવસ્થા કરવા અપીલ કરી છે.